સુવિચાર
બાળક નાનપણથી પૈસાનું મૂલ્ય સમજશે તો એનામાં સંપત્તિવાન બનવાના ગુણોનું સિંચન નાનપણથી જ થવા લાગશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૮/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૧૯૫

## અંતે અમરેલીનાં જાગૃત્ત નાગરિકોએ બ્રોડગેજ રેલ્વેની સુવિધા માંગવા રણનીતિ બનાવી

# ''અમરેલી માંગે બ્રોડગેજ''નાં બેનરતળે સોશ્યલ મિડીયામાં અભિયાન શરૂ

કોઈપણ સંજોગોમાં જિલ્લાકક્ષાનાં શહેરમાં બ્રોડગેજ રેલ્વેની સુવિધા મેળવવા મક્કમતા દર્શાવી

કલેકટરથી લઈને પ્રાઈમ મિનિસ્ટર સુધી સતત રજૂઆત કરવાનું નક્કી કરાયું

અમરેલીની જનતા છેલ્લા ૨૦ વર્ષથી બ્રોડગેજ રેલ્વે લાઈનની માંગ કરી રહી છે

ડો. મનમોહનસિંહથી લઈને નરેન્દ્ર મોદી સુધીની સરકારે ન્યાય ન આપ્યો તે હકીકત છે






અમરેલી, તા. ૩૧

આપણું અમરેલી એવું અમરેલી કે જયાં સંત મુળદાસ જેવા સંત થઈ ગયા, રમેશ પારેખ જેવા કવિ અને અમરેલીને જિલ્લો બનાવનાર ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી એવા ડો. જીવરાજ મહેતાએ વતનનું ઋણ ચૂકવવા માટે અમરેલીને જિલ્લો તો બનાવી દીધો પરંતુ આજ સુધી અમરેલી જિલ્લાને જિલ્લો કહી શકાય અથવા તો અમરેલી શહેરને શહેર કહી શકાય એવો કોઈ વિકાસ અમરેલીમાં થયો નથી..!!!

જેનું મુખ્ય કારણ છે અમરેલીમાં જે પાયાની સુવિધા હોવી જોઈએ વિકાસ માટે તેમજ પરિવહન અને પર્યટન માટે ખૂબ જ જરૂરી એવી બ્રોડગેજ લાઈન નથી. જેથી અત્યાર સુધી બ્રોડગેજથી વંચિત એવી અમરેલીની જનતા મોટા શહેરોમાં અને વિદેશમાં વસવાટ માટે જવા મજબૂર થઈ ગઈ છે.

ત્યારે હમણાં બ્રોડગેજ વગર ખૂબ જ હેરાન થયેલી જનતાના

અનુસંધાન પાના ૬ ઉપર

### લાઠી નજીક આવેલ

## ભુરખીયા ગામની સીમમાં વાડીએ ઈલેક્ટ્રીક શોક લાગતાં ખેડૂતનું મોત

વૃધ્ધ ખેડૂત પોતાની વાડીએ મોટર બંધ કરવા જતાં બન્યો બનાવ

અમરેલી, તા. ૩૧

લાઠી તાલુકાનાં ભુરખીયા ગામે રહેતા લાખાભાઈ બેચરભાઈ પરમાર નામનાં ૬૦ વષયિ વૃધ્ધ ખેડૂત તા. ૩૦નાં રોજ સાંજે પોતાની વાડીએ ઈલેક્ટ્રીક મોટર બંધ કરવા જતાં ખુલ્લા ઈલેકટ્રીક સ્ટાર્ટરમાંથી કોઈપણ રીતે ઈલેક્ટ્રીક શોક લાગતા તેમનું મોત થયાનું લાઠી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સમગ્ર બનાવનો વિડીયો થયો વાયરલ

## જાફરાબાદનાં દુધાળા ગામ નજીક સીમમાં અજગરે શિયાળનો શિકાર કર્યો

સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ



અમરેલી, તા. ૩૧

જાફરાબાદનાં દુધાળા ગામ નજીક આવેલ સીમમાં એક વિશાળ કાય અજગરે અકે વન્ય પ્રાણી શિયાળનો શિકાર કર્યો હતો. આ અજગરે કરેલા શિકારનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં સિંહ, દીપડાઓ બાદ હવે અજગર જેવા મહકાય સરીસૃપ પણ જોવા મળ્યા હતા.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજકોટથી મેલડી માતાજીનાં સેવાકાર્યમાં છેલ્લાં પાંચ વર્ષથી આવે છે

## અરેરાટી : બાબરાનાં નીલવડા માર્ગ પર આવેલ જુના તળાવમાં રઘુવંશી યુવકનું પડી જવાથી મોત

સ્થાનિક તરવૈયાઓની એક કલાકની જહેમત બાદ મૃતદેહ હાથ લાગ્યો




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૩૧

બાબરામાં નિલવળા રોડ પર આવેલ જુના તળાવમાં ન્હાવા પડેલ રાજકોટનાં રઘુવંશી યુવાન ચેતન પ્રવીણભાઈ નથવાણી(ઉ.વ. ૪૧)નું ડૂબી જવાથી મોત નિપજતા અરેરાટી ફેલાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં મેલડી માં મંદિરનાં સેવાભાવી લોકો અહીં સરકારી દવાખાને દોડી આવ્યાં હતાં. ઘટનાની પ્રાથમિક વિગત અનુસાર બાબરામાં મેલડી મંદિરમાં સેવાપૂજા કરતો રાજકોટનો રઘુવંશી યુવાન ચેતન પ્રવીણભાઈ નથવાણી(ઉ.વ. ૪૧) રાજકોટ રહે છે અને અહીં મેલડી માં નાં મંદિરે અવારનવાર સેવા કાર્ય કરવા માટે આવતો હોય છે.

અનુસંધાન પાના ૬ ઉપર

નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત ''રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક''
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૫૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

Sheetal
"શીતલ દૂધ" શા માટે?
• "શીતલ દૂધ" છે સૌથી વધુ હાઇજીનિક
• "શીતલ દૂધ" તમામ પ્રકારના FSSAI ના માપદંડો તથા BRCGS-FSMA ના માપદંડો થી પેક કરવામાં આવે છે.
• ફેટ, વિટામીન, પ્રોટીન અને કેલ્શિયમ મેળવવાનો શ્રેષ્ઠ સ્ત્રોત છે "શીતલ દૂધ".


www.scplco.com
73000 51000

## સ્વ. ઈન્દિરા ગાંધી અને સ્વ. ડો. જીવરાજ મહેતા સાથે વર્ષોથી નિકટતા ધરાવતા હતા

# અમરેલીનાં બહુમુખી પ્રતિભા ધરાવતાં વ્યક્તિ બાલાભાઈ માંજરીયાનું નિધન

**શિક્ષણ, રમતગમત અને સમાજ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રમાણિક અગ્રણીનાં નિધનથી શોકનો માહોલ**

**શિક્ષણ સમિતિનાં ચેરમેન, જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ જેવા અનેક પદ તેઓથી શોભાયમાન થયા હતા**

**શિક્ષણકાર્યમાં નિવૃત્ત થયા બાદ તેઓએ વકીલાતની પણ પ્રેકટીસ શરૂ કરી**

**અમરેલી જિલ્લામાં ખેડૂતથી લઈને રાજકારણ અને અન્ય અનેકક્ષેત્રે તેઓએ પ્રતિભાશાળી કાર્ય કર્યુ હતું**



અમરેલી, તા. ૩૧

અમરેલીનાં શિક્ષણ, રાજકારણ અને સમાજસેવી એવા નિષ્ઠાવાન અગ્રણી અને નાનામાં નાના વ્યકિતથી લઈને દેશનાં પ્રધાનમંત્રી સુધી, જેઓને અંગત ઘરોબો હતો તેવી બહુમુખી પ્રતિભા ધરાવતાં અને અંગત મિત્રોમાં જેઓ ''રામ'' તરીકે ઓળખાતા કોંગી અગ્રણી બાલાભાઈ માંજરીયાનું રવિવારે ૮૨ વર્ષની જૈફવયે નિધન થતાં અમરેલી શહેરે એક મહત્વનાં વ્યકિત ગુમાવી દીધા છે.

બાલાભાઈ માંજરીયા (જન્મ તારીખ : ૧૦ /૧/ ૧૯૪૧, અવસાન ૩૦/ ૭ /૨૦૨૩ ) નખશિક પ્રમાણિક, નિષ્ઠાવાન, ગાંધી વિચારશરણી ધરાવતા શૈક્ષણિક, રાજકીય, સામાજિક અગ્રણી, સ્વ. ઈન્દિરા ગાંધી અને જીવરાજ મહેતા સાથેની નિકટતા ધરાવતા અમરેલીની બહુમુખી પ્રતિભા ધરાવતા બાલાભાઈ માંજરીયા એક વિશિષ્ટ વ્યકિતત્વ હતા.

સામાન્ય ખેડૂતના પરિવારમાં સાત ભાઈઓના ત્રીજા નંબરના બાલાભાઈ એક આદર્શ શિક્ષક, શિક્ષણ સમિતિના ચેરમેન, ગુજરાત માધ્યમિક બોર્ડના સદસ્ય, હોમગાર્ડ કમાન્ડન્ટ જેવી મહત્વની સેવાઓ નિભાવી હતી. અમરેલીમાં સ્વ. જીવરાજ મહેતાની પ્રથમ ચૂંટણીમાં મુખ્ય પ્રચારક તરીકેની શ્રેષ્ઠ કામગીરીથી પ્રભાવિત થઈને તેમને રાષ્ટ્રીય યુવક કોંગ્રેસમાં મંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી. અમરેલીમાં રામકુંવર જીમખાના, સમર્થ વ્યાયામ મંદિર, બાલભવન જેવી સંસ્થાઓ માટે તેમની વ્યવસ્થા શકિત પ્રભાવી હતી. સામાન્ય પરિવારમાં ખેતી કામ સાથે સંઘર્ષ કરી સ્નાતક થઈ તેઓ અમરેલીની નૂતન હાઈસ્કૂલ દિર્ઘકાલિન સેવાઓ આપી ૧૯૯૮માં નિવૃત્ત થયા પછી વકીલાત વ્યવસાયમાં પણ સેવા ભાવથી કામગીરી કરી વિદ્યાર્થી અવસ્થામાં કુસ્તી, કબડી, ક્રિકેટ, એથલેટિક જેવી રમતોમાં અનેક સિદ્ધિઓ મેળવી તેમજ વિદ્યાર્થી નેતા તરીકે અમરેલીના એક નવી પ્રતિભા તરીકે સ્થાન મેળવ્યું. સમાજ સેવા તેમનું એક ધ્યેય હતું. ૧૯૬૪ આસપાસ રકતદાન અંગે કોઈ જાગૃતિ ન હતી ત્યારથી રકતદાન શરૂ કરી જીવનમાં લગભગ અનેક વખત રકતદાન કરી ચૂકયા છે.

આમ કોંગ્રેસ પક્ષમાં વિવિધ સેવાઓ અને નિષ્ઠાને કારણે સ્વ. રાજીવ ગાંધી સાથે પણ નીકટતા હતી સાથે કોંગ્રેસના માધવસિંહ સોલંકી અને રાષ્ટ્રીય નેતાઓ સાથે સારી ઓળખ પ્રસ્થાપિત કરી હતી. અમરેલીની સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને રમતગમત પ્રવૃત્તિમાં શ્રેષ્ઠતમ સિદ્ધિઓ હાસલ કરનાર વ્યકિત આપણી વચ્ચે હયાત નથી પરંતુ અમરેલી માટે કાયમી સંભારણું રહેશે.

---

### અવિરત વરસાદથી ઠેકઠેકાણે કાદવકિચડ

## ખાંભામાં શેરી, ગલીઓમાં ફેલાયેલ કાદવકીચડને શાસકો દ્વારા દૂર કરાયો

**સરપંચ રીનાબેન ખુમાણની કામગીરીની પ્રશંસા**

ખાંભા, તા. ૩૧

ખાંભામાં છેલા ૨ મહિનાથી અવરિત પડેલા વરસાદનાં કારણે ખાંભામાં શેરીઓ, ગલીઓમાં કાદવ કિચડનું સામ્રાજય જામતા ખાંભા ગ્રામ પંચાયત દ્વારા સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી.

ખાંભામાં અવિરત વરસાદ પડવાનાં પગલે ગોંદરા ચોક, ધર્મશાળા તેમજ શેરીઓ, ગલીઓ જાહેર રોડ ઉપર તથા પરા વિસ્તાર સહિત અન્ય જગ્યાએ કાદવ કિચડનું સામ્રાજય સ્થપાતા ખાંભા ગ્રામ પંચાયતનાં સરપંચ રીનાબેન બબાભાઈ ખુમાણ દ્વારા તાત્કાલિક ધોરણે જે.સી.બી.થી કાદવ કિચડ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવતાં માખી, મચ્છર, જીવાતનો ત્રાસ દૂર થતાં સ્થાનિકોમાં



રાહત સાથે હર્ષની લાગણી ફેલાવા પામી છે.

---

### અનેક વેપારીઓ પરચુરણ લેતા નથી ત્યારે

## સાવરકુંડલામાં ગ્રાહકે ૨૦ હજાર રૂપિયાનાં ૧, ૨ અને ૫ નાં સિક્કા આપી મોબાઈલ ખરીધો

**રઘુવીર મોબાઈલનાં વેપારીએ પણ પરચુરણ લઈ ગ્રાહકોને મોબાઈલ વેંચ્યો**

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલાનાં મહુવા રોડ ખાતે આવેલ રઘુવીર મોબાઈલ શોપ પર એક ગ્રાહક મોબાઈલ ખરીદી કરવા માટે આવતા ગ્રાહક દ્વારા મોબાઈલ પસંદ કરીને પૈસા ચુકવવાનો સમયે કાઢયો રૂપિયા એક, બે અને પાંચના સિક્કાનો મોટો થેલો કાઢી ૨૦ હજારની પરચુરણ દ્વારા ચુકવણી કરવામાં આવી હતી. આ સિક્કાઓ બેકાર નહી પણ નોટ જેટલા જ ઉપયોગી છે.

આજકાલ લોકોને ૧, ૨ અને ૫ રૂપિયાના સિક્કા રાખવામાં શરમ આવે છે અને ૧, ૨ રૂપિયાના સિક્કા તો જાણે ગાયબ જ થઈ ગયા છે. મોટી મોટી નોટો રાખવામાં લોકો ગર્વ અનુભવે છે પણ હાલ સાવરકુંડલાનાં રઘુવીર મોબાઈલ ખાતે એક એવો કિસ્સો સામે આવ્યો છે. જયાં ૧, ૨, અને ૫ ના રૂપિયાનાં સિક્કા રાખી એક વ્યકિતએ કમાલ કરી બતાવ્યો. વિચારવાની વાત એ છે કે આજકાલ કોઈ પણ વ્યકિત પરચુરણ દ્વારા કેટલો અને શું સામાન ખરીદી શકે છે પણ આજે વીસ હજાર રૂપિયાનો મોબાઈલ ગ્રાહક દ્વારા ખરીદી કરવામાં





આવ્યો હતો. બજારમાં કયાંય એક, બે–પાંચના ચલણી સિકકા જોવા જ મળતા નથી. સાવરકુંડલા શહેરમાં અને તાલુકામાં પરચૂરણ ચલણી સિકકા ૧, ૨ અને ૫ ના દર્શન દુર્લભ થઈ ગયા હોય તેવી પરિસ્થિતિ જન્મી છે. ઉંચા વટાવે જમળતાં પરચૂરણ સિકકાઓ વેપારીઓ લેતા હોય છે. રૂપીયા એક બેની કિંમતના સિક્કાને ઓગાળી તેમાંથી મળતી ધાતુ કે તેમાથી બનતા ઘરેણાની કિંમત વધુ આવતી હોય સિક્કા ઓગાળી ધાતુ મેળવવાની પ્રવૃત્તિ પણ થતી હોય છે. એમ અમિતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવાયું હતું.

---

## બાબાપુરનાં ગાયત્રી મંદિર ખાતે અધિક માસની ઉજવણી



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૩૧

અમરેલી જિલ્લાનાં બાબાપુર ગામમાં ગાયત્રી મંદિર ખાતે અધિક માસની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. જયાં કાંઠા ગોરમાનું ભકિતભાવ પૂર્વક પૂજન અર્ચન કરવામાં આવે છે તેમજ ગોપીઓ દ્વારા ભજન કીર્તન કરીને કાનાને લાડ લડાવે છે.

---

## સા.કુંડલા : મહિલા આર્ટસ કોલેજમાં પ્રેમચંદ જયંતિની ઉજવણી





સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં પ્રેમચંદ જયંતિની ઉજવણી કરવામાં આવી.

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ, સાવરકુંડલામાં આજરોજ પ્રેમચંદ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ પ્રેમચંદજીના કથા સાહિત્ય વિશે વકતવ્યો આપતાં જણાવ્યું હતું કે પ્રેમચંદજીનું સાહિત્ય આજે પણ લોકપ્રિય અને જીવન ઉપયોગી છે, તે ઉદાહરણ આપી સમજાવ્યું તથા કોલેજના કાર્યકારી આચાર્ય ચાવડા પ્રેમચંદનાં યોગદાન પર વકતવ્ય આપી જણાવ્યું કે આજે પ્રેમચંદજીનું સાહિત્ય મૂલ્યલક્ષી અને સમાજને કેન્દ્રમાં રાખીને લખાયું હોય આજે પણ પ્રાસંગિક છે. કાર્યક્રમનુ સંચાલન ગોંડલીયા મમતા અને સોજીત્રા કૃષાલીએ કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન હિન્દી વિભાગના અધ્યાપક ડો. હરિતા જોશી અને ડો. કે.પી. વાળાએ કરેલ હતું, તથા સમગ્ર સ્ટાફ પરિવારે કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપેલ હતો.

---

## જાફરાબાદમાં મોહરમની ઉજવણી કરાઇ



તસ્વીર : બાલકિશન સોલંકી–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદમાં મુસ્લિમ સમાજ દ્વારા મોહરમની ઉજવણી કરવામાં આવી હતી. કરબલામાં ઈમામ હુસેન હસન હુસેનની શહાદતની યાદમાં ધર્મ અને સત્યની માટે શહીદ થયા હતા. સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા તાજીયા બનાવીને શહાદત મનાવે છે તે મુજબ જાફરાબાદમાં મુસ્લિમ સમાજ દ્વારા કલાત્મક તાજીયા બનાવીને ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. હિંદુ–મુસ્લિમ સમાજના તમામ જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તાજીયા નિયત રૂટ ઉપર ફરિયા હતા.

મોહરમ શાંતિપૂર્ણ થયા હતા. તેમાં પીઆઈ દેસાઈ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યું હતું.

---

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## બાબરા પો.સ્ટે.નાં પ્રોહિબીશનનાં ગુન્હામાં ૮ વર્ષથી ફરાર આરોપીની અટકાયત

**કોર્ટનાં ઓર્ડરનાં આધારે કરાઈ અટકાયત**

અમરેલી, તા. ૩૧

છેલ્લા આઠ વર્ષથી બાબરા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામાં નાસતા ફરતા અને કોર્ટ દ્વારા ફરારી જાહેર કરાયેલ આરોપીને બાબરા પોલીસ ધ્વારા ઝડપી લેવામાં આવેલ છે.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ આરોપી મુકેશભાઈ લખમણભાઈ સોહલીયા રહે. જસદણવાળા વિરૂધ્ધ બાબરા પોલીસ સ્ટેશનના તા. ૨૩/૩/૧૫ ના પ્રોહીબીશનનો ગુન્હો દાખલ થયેલ અને સદરહું ગુન્હાના કામે આરોપીને તા. ૨૭/૯/૧૫ ના અટક કરી કોર્ટમાં રજુ કરવામાં આવેલ. બાદમાં કોર્ટમાંથી જામીન ઉપર છૂટીને છેલ્લા આઠ વર્ષથી કોર્ટ મુદતે હાજર રહેતો ન હોય અને નાસતો ફરતો હોય. જેથી આ કામના આરોપી વિરૂધ્ધ બાબરા કોર્ટ દ્વારા આઈપીસી કલમ ૭૦ મુજબનું વોરંટ ઈશ્યુ થયેલ હોય, જે કામે આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.



પોલીસ અધિક્ષક, અમરેલી દ્વારા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય. જે અન્વયે પોલીસ ઈન્સ્પેકટર બાબરાની સુચના મુજબ ચોક્કસ બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે બાબરા પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપી મુકેશભાઈ લખમણભાઈ સોહલીયાને રાજકોટ શહેરના શાસ્ત્રીનગર વિસ્તારમાંથી તા. ૨૮ ના રોજ ચોક્કસ બાતમી ટેકનીકલ સોર્સ આધારે બાબરા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા પકડી પાડી કોર્ટ હવાલે કરતા કોર્ટ દ્વારા આરોપીને જેલ હવાલે કરવામાં આવેલ છે.

---

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆત બાદ

## ભૈ વાહ : વડિયાની પોસ્ટ ઓફિસનાં નવા મકાન માટે રૂપિયા બાવન લાખ મંજુર

**સમગ્ર પંથકની જનતામાં હરખનો માહોલ**



અમરેલી, તા. ૩૧

અમરેલીનાં ધારાસભ્ય તરીકે પહેલી જ વાર ચૂંટાયા પછી ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક બન્યા બાદ અમરેલી જિલ્લાનાં વર્ષોથી પડતર ગંભીર પ્રશ્નોનાં નિરાકરણ માટે અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાએ કમર કસી હોય એમ એક પછી એક પ્રશ્નોનું નિરાકરણ તેઓ લાવી રહ્યાં છે.

ગત માર્ચ મહિનામાં કૌશિકભાઈ વેકરિયાએ ભારત સરકારને વડિયા ખાતે અદ્યતન પોસ્ટ ઓફિસ ભવન બનાવવા ભારત સરકારમાં દૂર સંચાર કેન્દ્રીય રાજય મંત્રી દેવુસિંહ ચૌહાણને રજૂઆત કરી હતી. તેમની આ રજૂઆત સંદર્ભે ભારત સરકારે જરૂરી મંજૂરી આપી રૂપિયા પર લાખની રકમ વડિયા ખાતે પોસ્ટ ઓફિસ ભવન નિર્માણ માટે ગુજરાત સર્કલને ફાળવી દેતાં ટૂંક સમયમાં પોસ્ટ ઓફિસ ભવનનું નિર્માણકાર્ય હાથ ધરાશે. તેમ ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાએ જણાવ્યું છે.

---

### ૐ નમો નારાયણનાં નાદ સાથે

## દામનગરમાં આજે પૂનમ સંતવાણીનું સુંદર આયોજન



દામનગર, તા. ૩૧

પરમ વંદનીય સંતશ્રી ઘનશ્યામગીરી બાપુ(ખડેશ્વરીબાપુ)નાં સાનિધ્યમાં અને શ્રી લટુરીયા હનુમાનજી દાદાની કૃપા થી તા. ૦૧–૦૮–૨૩ ને મંગળવારે રાત્રીના ઢસા રોડ, દામનગરમાં આવેલ શ્રી લટુરીયા હનુમાનજી મંદિર (લટુરીયા ભજન ધામ)માં પૂનમ સંતવાણીનાં કાર્યક્રમમાં સંતવાણીનાં આરાધક મહેશભાઈ પ્રજાપતિ, દાનગીરનારી, તબલા વાદક મહાવીરબાપુ રામાનુજ અને બેન્જો વાદક હિતેશબાપુ ગોંડલીયા સંતવાણી રજૂ કરશે.

## એસ.ટી. કે ટ્રાફિક પોલીસનું નો પાર્કિંગ ઝોનનું બોર્ડ પણ જોવા મળતુ નથી

# સાવરકુંડલાનાં એસ.ટી. ડેપો સામે ખાનગી વાહનોનો જમાવડો

**અવારનવાર માથાકૂટ થતી હોય કોઈ ગંભીર ઘટના બને તે પહેલા કડક કાર્યવાહી જરૂરી**

**પાંચ વર્ષ પહેલા જ નો પાર્કિંગ ઝોનનું બોર્ડ કોઈએ હટાવી લીધું છે**

**એસ.ટી. ડેપોની અંદર આવી બુમ પાડીને ખાનગી ચાલકો મુસાફરોને લઈ જાય છે**

**એસ.ટી. અને ટ્રાફિક પોલીસ સંયુક્તપણે કાર્યવાહી કરે તો સમસ્યાનું નિરાકરણ થઈ જાય**



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા એસ.ટી. ડેપો સામે ખાનગી વાહનોનો જમાવડો દિન પ્રતિદિન વધતો જાય છે. મુસાફરોને ડેપોમાંથી જ વાહન ચાલકો બોલાવી લે છે તેમજ ડેપોની સામેથી જ મુસાફરોને ગેરકાયદેસર મુસાફરી કરવા મજબૂર કરી રહેલા આ વાહન ચાલકોની દાદાગીરી અને જોહુકમી ધીમે ધીમે વધી રહી છે. અનેક વખત માથાકૂટ અને મારામારી થઈ હોવાની ઘટના પણ સામે આવી છે. ત્યારે અહીંયા પોલીસ તંત્ર તરફથી ટીઆરબી જવાનોને ડયુટી સોંપવામાં આવી છે પરંતુ એમની પણ કયાંક ને કયાંક નિષ્ક્રિયતા દેખાઈ રહી છે. એસ.ટી. તંત્રએ નો પાર્કિંગ ઝોનનું બોર્ડ મૂકયું હતું પરંતુ પાંચ વર્ષ પહેલા જ આ બોર્ડ કોઈએ હટાવી લેતા આજ સુધી તકલીફ લીધી નથી અને છેલ્લા પાંચ વર્ષમાં એસ.ટી. તંત્ર સાવરકુંડલા તરફથી ડેપોની સામેથી મુસાફરોને લઈ જવા માટે અને ડેપોમાં આવીને સાદ પાડીને મુસાફરોને લઈ જનાર એક પણ વ્યકિત સામે કેસ કે ફરિયાદ કરી નથી. એનો અર્થ એવો નથી કે આ પ્રક્રિયા બંધ થઈ ગઈ છે. કયાંક ને કયાંક ગેરકાયદેસર મુસાફરી કરાવતા વાહન ચાલકોની યુનિટી અને દાદાગીરીથી એસ.ટી. તંત્ર દબાઈ ગયું હોય તેવું સ્પષ્ટ લાગે છે.

વાત કરવામાં આવે પોલીસ વિભાગની તો પોલીસ તંત્ર દ્વારા એસ.ટી. ડેપો, જૂનું બસ સ્ટેન્ડ અને રજકાપીઠ ઉપર ઉભા રહેતા વાહનોની ચકાસણી કરી આરટીઓના નિયમ મુજબ આ વાહનો છે ટેકસીપાસિંગ છે કે કેમ અને વાહન ચાલકો પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ છે કે કેમ આની સઘન તપાસ હવે જરૂરી બની ગઈ છે. તાલુકાના કેટલાય એવા ગામડાઓ છે કે જયાં એસ.ટી. તંત્ર સેવા પૂરી પાડવામાં નિષ્ફળ ગયું છે. એસ.ટી. નિયમિત જતી નથી અને એસ.ટી.ના અનેક રૂટ એવા છે કે જયાં ચોક્કસ લોકોની દાદાગીરી અને જોહુકમીથી જાતે જ ડયુટી લઈ લે છે અને મનફાવે ત્યારે બસને ઉપાડે છે. આવા પેધી ગયેલા અને લાંબા સમયથી ડ્રાઈવર–કંડકટરોને પણ હટાવવાની જરૂર છે. ત્યારે મુસાફરોને પણ મજબૂર બની અને આ ખાનગી અને ગેરકાયદેસર વાહનમાં મુસાફરી કરી જીવ જોખમમાં મુકવાનો વારો આવે છે. શહેરમાં ૩૦થી વધુ છકડો રીક્ષા કે જે માલ વાહક છે તેને મુસાફર વાહક બનાવી મુસાફરી કરાવવામાં આવે છે. પોલીસ તંત્રએ આમાં ચોક્કસપણે જાગૃત બનવું પડશે કારણ કે અનેક અકસ્માતની એવી ઘટનાઓ છે કે જેમાં મુસાફરોના હાડકા તૂટયા છે અને જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. આ જટિલ સમસ્યાઓનો ઉકેલ એસ.ટી. તંત્ર, પોલીસ તંત્ર અને સાવરકુંડલાના જાગૃત ને તરવરીયા યુવાન ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ગંભીરતાથી વિચાર કરી આનો અમલ કરવો અને કરાવવો જરૂરી બની ગયો છે.

### સમગ્ર જિલ્લાનાં શિક્ષણ જગતનું ગૌરવ વધ્યું

# અમરેલી જિલ્લાનાં ૬ શિક્ષકો ગ્લોબલ એકસેલન્સ એવોર્ડથી સન્માનિત

**૧૫ જેટલા દેશોનાં પ્રતિનિધિઓ જોડાયા હતા**



અમરેલી, તા.૩૧

તા.૩૦/૭/૨૦૨૩ રવિવાર ભવ્યા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, જયપુર (રાજસ્થાન) ભારત, કેપ ટાઉન, સાઉથ આફ્રિકા, નેપાલ, મોસ્કો,રૂસ, આટવા, કેનેડા, સિડની, ઓસ્ટ્રેલિયા, પોલેન્ડ, યુરોપ, મસ્કર, ઓમાન, લંડન, મલેશિયા, દુબઈ, તંઝાનિયા, સેન ફ્રાન્સિસ્કો, સિંગાપોર, યુ.એસ.એ., યુ.કે. સહિત ૧૫ જેટલા દેશનું ભવ્યા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન જયપુર (રાજસ્થાન) ખાતે ૨૦૦ એવોર્ડ સાથે ભારતનાં જુદા–જુદા રાજય ગુજરાતમાંથી ૨૧ જેટલા શિક્ષણ, સમાજ સેવા, આર્ટિસ્ટ, રમત–ગમત વિવિધ ક્ષેત્રમાં કરેલ વિશેષ કાર્ય બદલ જેમાં અમરેલી જિલ્લામાં ૬ ઈનોવેટીવ ટીચર્સ તેમજ શિક્ષણક્ષેત્રમાં વિશિષ્ટ કાર્ય કરવા પસંદગી બદલ સંજયભાઈ મેરૂભાઈ મકવાણા, આચાર્ય બર્બટાણા, પ્રા.શાળા,તા.રાજુલા, જિજ્ઞેશભાઈ ચંદ્રકાંતભાઈ મકવાણા, ઉ.શિ.કડિયાળી પ્રા.શાળા,તા.રાજુલા (૩) બળદેવભાઈ જે.ગોરવિચાળા (ગઢવી ) ઉ.શિ. હિરાણા પ્રા.શાળા, તા.લાઠી, શૈલેષભાઈ ધીરૂભાઈ સોલંકી, આચાર્ય મોટા બારમણ પ્રા.શાળા,તા.ખાંભા, ધવલભાઈ જનકરાય જોષી ઉ.શિ. ગોઢાવદર પ્રા.શાળા, તા.લીલીયા, નિધીબેન મહેશભાઈ સુતરીયા ઉ.શિ.ડુંગર કુમાર શાળા નંબર –૧ તા.રાજુલા ગ્લોબલ એકસેલન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

# અમરેલી ખાતે પ્રધાનમંત્રીનો ‘મન કી બાત’નું શ્રવણ કરાયુ





અમરેલી, તા. ૩૧

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ તારીખ ૩૦.૦૭.૨૦૨૩ નાં રોજ એડોક્રાઈન પેથોલોજી લેબરેટરીનાં રાજેશભાઈ પંડયાની વિષેશ ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લા સહકારી સંઘનાં કર્મચારીઓ, સહકારી અગ્રણીઓ અને યુવાનોએ યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીની મન કી બાત કાર્યક્રમને ૧૦૩ મો એપિસોડ અમરેલી જીલ્લા સહકારી સંઘની ઓફીસ ખાતે ઉપસ્થિત રહી લાઈવ કાર્યક્રમ નિહાળી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

# સા.કુંડલા : શ્રી દ્વારકાધીશજીની હવેલી ખાતે પ્રભુના વિવાહ ખેલનું આયોજન



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા જેસરરોડ ખાતે આવેલ શ્રી દ્વારકાધીશજીની હવેલી ખાતે પરસોત્તમ માસ દરમિયાન વિવિધ પ્રકારના અને અલૌકિક દર્શનનું આયોજન કરવામાં આવે છે જેમાં આજે નવ પ્રકારના કઠોળ ખંડ પુરીને એમાંથી શ્રી વિષ્ણુ ભગવાનનું સ્થાપન કરી અને સૌ વૈષ્ણવોએ તુલસીજી સમર્પિત વિષ્ણુ ભગવાનને ચડાવ્યા અને ફૂલ ગુલાબના હિંડોળા દર્શન યોજાયા અને સાંજે પ્રભુના વિવાહ ખેલ ઉત્સવનું ધામધૂમ પૂર્વક આયોજન કરવામાં આવ્યું. એમાં શ્રી વિષ્ણુનારાયણ અને લક્ષ્મીનારાયણ દેવતાનું પૂજન–અર્ચન સેવા અને શુભવિવાહનું ઉત્સાહપૂર્વક આયોજન કરાયું હતું.

આ કાર્યમાં સૌ વૈષ્ણવનો પૂરો સહકાર મળ્યો અને ઉત્સાહભેર પરસોત્તમ માસ દરમિયાન વિવિધ ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા અને આ શુભ કાર્યમાં મનોરથના અલૌકિક આયોજનમાં મુંબઈ નિવાસી સેલાણી ચંદ્રિકાબેન મહેશભાઈ તરફથી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમ હવેલીના મુખ્યાજી ઘનશ્યામભાઈ મહેતાએ જણાવ્યું હતું.





* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૭,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ

સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોતમ માસ નિમિતે
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ


ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ટ્રાન્સમિશન-ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવામાં મદદ મળશે

# રાજ્ય સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરના ઓર્ડર આપ્યા

## પ્રથમ તબક્કામાં આ મીટર ગાંધીનગરની સરકારી કચેરીઓ અને રાજ્યભરની અન્ય સરકારી કચેરીઓમાં લગાવાશે

અમદાવાદ, તા.૩૧

હવે પ્રીપેડ ઈલેક્ટ્રિક મીટર ટૂંક સમયમાં રાજ્યભરના ઘરોમાં વાસ્તવિકતા બની જશે અને આ સાથે જ ગુજરાત સ્માર્ટ મીટર ધરાવતું દેશનું છઠ્ઠું રાજ્ય બનશે. અહેવાલ અનુસાર રાજ્ય સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરનો ઓર્ડર આપ્યો છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે પ્રથમ તબક્કામાં આ મીટર ગાંધીનગરની સરકારી કચેરીઓ અને રાજ્યભરની અન્ય સરકારી કચેરીઓમાં લગાવવામાં આવશે. આનાથી મીટરની કાર્યક્ષમતા ચકાસવામાં મદદ મળશે જે પછી ખાનગી મિલકતોમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે. એકવાર આ મીટરનું કામકાજ યોગ્ય જણાય તો તેને ઘરેલુ ગ્રાહકો માટે સ્થાપિત કરવામાં આવશે. ઈન્સ્ટોલેશન તબક્કાવાર હાથ ધરવામાં આવશે. શરૂઆતમાં મોટા શહેરોમાં મીટર લગાવવામાં આવશે. સ્માર્ટ મીટર વેબ-આધારિત મોનિટરિંગ સિસ્ટમ દ્વારા જોડાયેલા છે જે યુટિલિટીઝના કોમર્શિયલ નુકસાનને ઘટાડવામાં, આવક વધારવામાં અને પાવર સેક્ટરના સુધારામાં એક મહત્વપૂર્ણ સાધન તરીકે સેવા આપવા માટે મદદ કરશે. એક અધિકારીએ જણાવ્યું કે, આ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવામાં મદદ કરે છે. એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લિમિટેડ (ઈઈએસએલ), જે રાજ્ય સંચાલિત વીજ કંપનીઓનું જોઈન્ટ વેન્ચર છે, હાલમાં વિતરણ કંપનીઓ (ડીઆઈએસસી ઓએમએસ)ની બિલિંગ અને સંગ્રહ કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવા સ્માર્ટ મીટરિંગ પ્રોગ્રામનો અમલ કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર સ્માર્ટ મીટરની ખાસ વાત એ છે કે તેને મોબાઈલ ટીવીની જેમ રિચાર્જ કરવું પડશે, જેટલું રિચાર્જ થશે તેટલી વધુ વીજળી મળશે.

સ્માર્ટ મીટર સિસ્ટમ દ્વારા સરકાર સ્માર્ટ ગ્રીડ પ્રોગ્રામ માટે પાયો તૈયાર કરવા માગે છે જે નવા વિકસતા ઊર્જા મિશ્રણના પડકારોને પહોંચી વળવા અને અવિરત 24×7 વીજ પુરવઠો પૂરો પાડવાના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે નિર્ણાયક બનશે. કેન્દ્ર સરકારે તેની સુધારેલી વિતરણ ક્ષેત્ર યોજના (આરડીએસએસ) હેઠળ માર્ચ, ૨૦૨૫ સુધી તમામ સ્થાનિક ગ્રાહકો માટે ૨૫ કરોડથી વધુ સ્માર્ટ પ્રીપેડ મીટર સ્થાપિત કરવાની યોજના બનાવી છે.

સ્માર્ટ પ્રીપેડ મીટર ઈન્સ્ટોલ કરવાના આ ફાયદા હોઈ શકે
વીજ ચોરી પર અંકુશ આવશે.
મોબાઈલ પર વીજળી સંબંધિત એલર્ટ મળશે. વીજ ઉપભોક્તાનું નિયંત્રણ રહેશે.
રિચાર્જ પ્રીપેડ સુવિધા દ્વારા કરવામાં આવશે.
બિલ ભરવાની પરેશાનીમાંથી મુક્તિ મળશે.
મીટર રીડિંગને લઈને ચાલી રહેલી ગડબડનો સંપૂર્ણ અંત આવશે.

### ગુજરાતમાં હાલ કોઈ વરસાદી સિસ્ટમ એક્ટિવ નહીં

# પાંચ દિવસ માત્ર છુટો છવાયો વરસાદ પડવાની આગાહી

## રાજ્યમાં ચાલુ સીઝનમાં ૮૫ ટકા ઉપર વરસાદ વરસી ચુક્યો છે

અમદાવાદ, તા.૩૧

વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં હાલ કોઈ વરસાદી સિસ્ટમ એક્ટિવ નહિ હોવાનું હવામાન વિભાગે જણાવ્યુ છે. સાથે જ હવામાન વિભાગે માહિતી આપી છે આગામી ૫ દિવસ ગુજરાતમાં છુટો છવાયો વરસાદ રહી શકે છે. સાથે જ ૨૪ કલાક હળવોથી મધ્યમ વરસાદ રહેવાની સંભાવના છે.

ગુજરાતમાં આવતીકાલથી વરસાદ નહિવત અને છુટોછવાયો રહેશે. તો અમદાવાદમાં હળવો વરસાદ રહી શકે છે. ૭ દિવસ રાજ્યમાં ભારે વરસાદની કોઈ સંભાવના દર્શાવવામાં આવી નથી. આગામી ૫ દિવસ રાજ્યના કેટલાક ભાગોમાં સામાન્યથી મધ્યમ વરસાદની જ આગાહી છે.

જો કે દરિયાકાંઠા વિસ્તારોમાં પવનની ગતિ વધારે રહેવાની સંભાવનાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. મહત્વનું છે કે રાજ્યમાં ચાલુ સીઝનમાં ૮૫ ટકા ઉપર વરસાદ વરસી ચુક્યો છે.

### જીએસટી લાગુ થયાના છ વર્ષમાં ૫૦૭૦ છેતરપિંડીના કેસ

# છ વર્ષમાં ૨૭,૪૨૬ કરોડની જીએસટીની ચોરી થઈ, રિકવરી માત્ર ૯૨૨ કરોડ

## મહારાષ્ટ્ર, દિલ્હી, તમિલનાડુ જીએસટી રજિસ્ટ્રેશનના દુરુપયોગના કેસમાં ટોચના ત્રણ રાજ્યોમાં સામેલ

નવી દિલ્હી, તા.૩૧

ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ (જીએસટી) લાગુ થયાના ૬ વર્ષમાં સરકારે અત્યાર સુધીમાં ૫,૦૭૦ જેટલાં છેતરપિંડીના કેસ પકડી પાડ્યા હતા જેમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) ક્લેમ કરવા માટે લોકોએ પાનકાર્ડ (પાન) અને આધારકાર્ડ (આધાર)ની વિગતોનો દુરુપયોગ કર્યો હોવાનો ખુલાસો થયો છે.

આ ૫,૦૦૦ કેસમાં ૨૭,૪૨૬ કરોડ રુપિયાની જીએસટી ચોરીનો ભાંડાફોડ થયો છે.

જોકે મહત્ત્વનું તો એ છે કે છેલ્લા ૬ વર્ષોમાં રિકવરીનો આંકડો તો માત્ર ૯૨૨ કરોડ રુપિયાનો જ છે. આ આંકડા ૧ જુલાઈ ૨૦૧૭ (જીએસટીવ્યવસ્થાની શરૂઆત) અને ૩૦ જૂન, ૨૦૨૩ વચ્ચેના છે. રાજ્યની તુલના કરીએ તો મહારાષ્ટ્ર, દિલ્હી અને તમિલનાડુ જીએસટી રજિસ્ટ્રેશન (જીએસટીરજિસ્ટ્રેશન)ના દુરુપયોગના કેસમાં ટોચના ત્રણ રાજ્યોમાં સામેલ છે.

અહીં ક્રમશઃ જીએસટી ચોરીના ૭૬૫, ૭૧૩ અને ૬૩૨ કેસ સામે આવ્યા છે.

મહારાષ્ટ્રમાં ૩,૮૮૯ કરોડ રૂપિયાની જીએસટી ચોરી પકડાઈ હતી. જોકે તેમાંથી ફક્ત ૧૭૧ કરોડ રૂપિયાની વસૂલી થઇ શકી છે. દિલ્હીમાં ૪,૩૨૬ કરોડ રૂપિયાની જીએસટી ચોરી પકડાઈ હતી. જોકે વસૂલી ફક્ત ૧૫૯ કરોડ રૂપિયાની થઈ શકી હતી.

તમિલનાડુમાં ૧,૮૭૭ કરોડ રૂપિયાની જીએસટી ચોરી પકડાઈ હતી અને વસૂલી ફક્ત ૪૪ કરોડ રૂપિયા થઇ શકી હતી.

રસપ્રદ વાત તો એ છે કે ૧૬ મે ૨૦૨૩ થી ૯ જુલાઈ ૨૦૨૩ વચ્ચે સરકારે આશ્ચર્યજનક રીતે ૯,૩૬૯ ફેક કંપનીઓ/સંસ્થાનો પકડી પાડી હતી. સાથે જ ૧૦,૯૦૨ કરોડ રૂપિયાની જીએસટી ચોરીનો પણ ખુલાસો કર્યો હતો.

જોકે આ ફેક સંસ્થાનો પાસેથી ફક્ત ૪૫ કરોડ રૂપિયાની જ વસૂલી થઇ શકી હતી.

### મરનારા લોકોમાં એક RPFનો ASI સહિત ૩ યાત્રી પણ હતા

# ગુજરાતથી મુંબઈ જતી ટ્રેનમાં ફાયરિંગ થતાં ૪ લોકોના મોત

મુંબઈ, તા.૩૧

મહારાષ્ટ્રના પાલઘરમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે.જયપુર મુંબઈ પેસેન્જર ટ્રેનમાં ગોળીબારમાં ચાર લોકોના મોત થયા છે. આ ટ્રેન ગુજરાતથી મુંબઈ જઈ રહી હતી. મરનારા લોકોમાં એક RPFનો ASI સહિત ૩ યાત્રી પણ હતા. આરપીએફના કોન્સ્ટેબલ ચેતને જ આ બધાને ગોળી મારી છે. ગોળીબારની ઘટના વાપીથી બોરીવલી મીરા રોડ સ્ટેશનની વચ્ચે થઈ હતી.

મીરા રોડ બોરીવલીની વચ્ચે જીઆરપી મુંબઈના જવાનોએ કોન્સ્ટેબલની ધરપકડ કરી લીધી છે. વાપી-સુરતની વચ્ચે ચાલતી ટ્રેનમાં ફાયરિંગ થતાં ૪ લોકોના મોત થઈ ગયા છે. જયપુર-મુંબઈ એક્સપ્રેસમાં ફાયરિંગ થતાં હડકંપ મચી ગયો હતો.

ગુજરાતના વાપીથી મુંબઈ તરફ જતી ટ્રેનમાં આરપીએફ જવાન ચેતન સિંહે ફાયરિંગ કર્યું હતું. તેણે પોતાની જ રાઈફલથી ગોળીબાર કર્યો હતો. હાલમાં એ જાણવા નથી મળ્યું કે, આરોપીએ કેમ આવું કર્યું અને ગોળીઓ ચલાવી. સારી વાત એ છે કે, ગોળીબારમાં વધુ લોકોને નુકસાન નથી થયું. જેવી ટ્રેન ચાલુ થઈ કે ટ્રેનમાં ગોળીબાર થતાં હડકંપ મચી ગયો છે. હાલમાં પોલીસે ટ્રેન યાત્રીઓના નિવેદન નોંધી લીધા છે. પોલીસ આ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. પશ્ચિમ રેલવેએ આ સંબંધમાં એક નિવેદન જાહેર કર્યું છે. નિવેદનમાં કહેવાયું છે કે, પાલઘર સ્ટેશન પાર કર્યા બાદ એક આરપીએફ કોન્સ્ટેબલે જયપુર એક્સપ્રેસ ટ્રેનની અંદર ગોળીબાર કરી દીધો હતો.

તેણે એક આરપીએફ એએસઆઈ અને ત્રણ અન્ય પેસેન્જરને ગોળી મારી દીધી હતી. દહિસર સ્ટેશન નજીક ટ્રેનમાંથી બહાર કૂદી ગયો હતો. આરોપી સિપાહીને હથિયાર સહિત ધરપકડ કરી લીધો છે. કોચમાં બનેલી ફાયરિંગની ઘટના કઈ રીતે બની તે મામલે હવે મુસાફરોની પૂછપરછ કરવામાં આવી શકે છે.

આ ઘટના બનવા પાછળનું કારણ શું છે તે અંગે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે રેલવે તથા સ્થાનિક પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસમાં મહત્વના ખુલાસા થઈ શકે છે.

ફાયરિંગ બાદ આરોપીએ ભાગવાની કોશિશ કરી હોવાની વિગતો પણ મળી રહી છે. જોકે, તેને પકડી લઈને પોલીસે તપાસ શરુ કરી છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા RPFના ASI સહિત ત્રણ મુસાફરોના મૃતદેહ બોરીવલી સ્ટેશન પર ઉતારીને પોસ્ટમોર્ટમ સહિતની વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

ધડાધડ ફાયરિંગ ચાલુ ટ્રેનમાં કરાયું જેમાં નિર્દોષ મુસાફરોના મોત થયા હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે. ચેતન અને ASI ટીકા રામ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બન્ને વચ્ચે છૂટ્ટા હાથની મારામારી થઈ હોવાની વિગતો પણ મળી રહી છે.

જોકે, આ પછી આરોપી ચેતન વધુ આવેગમાં આવી જતા તેણે ફાયરિંગ કરી દીધું હતું. જેમાં ASI ટીકા રામ સહિત ત્રણ મુસાફરોના મોત થઈ ગયા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મીરા રોડ પર બનેલી આ ફાયરિંગની ઘટના વહેલી સવારે બની છે જેના કારણે ઘણાં સવાલો ઉઠી રહ્યા છે. આ મામલે પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

મૃત્યુ પામેલા મુસાફરો ક્યાં જઈ રહ્યા હતા અને તેમની આ ફાયરિંગની ઘટનામાં કોઈ ભૂમિકા હતી કે તેઓ મામલો શાંત પાડવા માટે વચ્ચે પડ્યા હતા તે સહિતની બાબતોની તપાસ કરવામાં આવી રહી છે.

### ખેડૂતોમાં રોષનો માહોલ

# પાક વીમાના નામે સાવ નજીવી રકમ મળતા ખેડુતોમાં નારાજગી

## સરકારે જે હિસ્સો આપવાનો હતો તે હજુ ખેડૂતોને મળતો નથી, અમુક ખેડૂતોને કોરા મેસેજ મળતા રોષ ફેલાયો છે

રાજકોટ, તા.૩૧

તાજેતરમાં ખેડૂતોને ગત વર્ષ ૨૦૧૯ના પાક વીમા મળી રહ્યા છે. જેમાં વીમા કંપનીએ રાજ્ય સરકારની સબસીડી ચૂકવણી પછી વધારાનો દાવો ચૂકવવામાં આવશે તેવી વિગતો જણાવતા ખેડૂતો અસમંજસમાં મૂકાયા છે. આ બાબતે ગુજરાત કિસાન કોંગ્રેસનાં ચેરમેન પાલભાઈ આંબલિયાએ રાજયના કૃષિ મંત્રીને પત્ર પાઠવી તાકીદે સ્પષ્ટતા કરવા જણાવ્યું છે. ગુજરાત કિસાન કોગ્રેસના ચેરમેન પાલ આંબલીયા દ્વારા પત્રકાર પરીષદમાં માહિતી આપતા જણાવ્યુ હતુ કે, છેલ્લા એક સપ્તાહથી ગુજરાતનાં અલગ-અલગ જિલ્લા/તાલુકાઓને પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો ૨૦૧૯ વીમાનો દાવો ૯૨૯૧.૫૦ તમારા ખાતામાં જમા મોકલવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા બાકી સબસીડી ચુકવાની પછી રૂપિયા .૯૨૯૧.૫૦નો વધારાનો દાવો ચૂકવવામાં આવશે તેવા મેસેજ ખેડૂતોને આવી રહ્યા છે.

ત્યારે સવાલ એ છે કે આ પાક વીમો આંશિક છે કે પૂર્ણ? કર્યા તાલુકામાં કેટલો વીમો મંજૂર થયો? ગામના બધા જ ખેડૂતોને બદલે અમુક ખેડૂતોને વીમો કેમ? વીમો ક્રોપ કટીંગ કમોસમી વરસાદ કે પછી અતિવૃષ્ટિનો છે? તેની પણ સ્પષ્ટતા નથી.' આ ઉપરાંત તેમણે જણાવ્યુ હતુ કે, 'આ મેસેજથી એક-એક ખેડૂતને સમજાય છે કે રાજય સરકાર ખેડૂતોને રૂપિયા આપતી નથી એટલે ખેડૂતોનો મંજૂર થયેલો પાકવીમો પુરો મળતો નથી જે તે વખતે ૭ લાખ ખેડૂતોએ વીમા મેળવવા હાઈકોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા.

જેમાં સરકાર અને પાકવીમા કંપનીઓને ફટકાર લગાવી હતી. જેના પગલે ખેડૂતોના ખાતામાં પાકવીમા કંપનીઓ રૂપિયા આપે છે. પણ સરકારે જે હિસ્સો આપવાનો હતો તે હજુ ખેડૂતોને મળતો નથી. અમુક ખેડૂતોને કોરા મેસેજ મળતા રોષ ફેલાયો છે.'

વધુમાં રાજય સરકાર ખેડૂતોને નાનુ એવું તણખતું આપે તો પણ તેની પહાડ જેવી મોટી મોટી જાહેરાતો કરે છે અને ઘણાં ખેડૂતોને તો પાક વીમાના નામે મજાક કરાતી હોય તેમ માત્ર ૨૦૦ રૂપિયા જમા થયા છે. ત્યારે હાલ ખેડૂતોને મૂંઝવતા પ્રશ્ને તાત્કાલિક સ્પષ્ટતા કરવી જોઈએ.

આ સાથે રાજય સરકાર ખેડૂતોને જે રૂપિયા આપવાના છે તે સબસીડી આપતી ન હોવાનો મેસેજ કરી સરકારને બદનામ કરતી પાક વીમા કંપનીઓ સાચી હોય તો સરકારે આજ સુધી ખેડૂતોના રૂપિયા આપ્યા નથી તે તાત્કાલિક જ ચૂકવી દેવા જોઈએ તેવી માંગ કિસાન કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

### મણિપુર મુદ્દે વિપક્ષ સરકારને ઘેરવા પ્રતિબદ્ધ

# લોકસભામાં બીજી ઓગસ્ટે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા

## વડાપ્રધાને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવાનો હોય છે, વિપક્ષો આ જ હેતુથી આ પ્રસ્તાવ લાવ્યા છે

નવી દિલ્હી, તા.૩૧

મણીપુર મુદે સરકારને ઘેરવા વિપક્ષ પૂરેપૂરું જોર લગાડી રહ્યું છે. આ દરમિયાન અહેવાલ અનુસાર એવી માહિતી મળી રહી છે કે, લોકસભામાં ૨ ઓગસ્ટે મોદી સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ મુખ્ય વિપક્ષ કોંગ્રેસ દ્વારા લાવી શકાય તેવી શક્યતા છે.

સુત્રો આધારે સ્પીકર ઓમ બિરલાની આગેવાની હેઠળની લોકસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટી (બીએસી) સપ્તાહના કામકાજને અંતિમ સ્વરૂપ આપવા સોમવારે મળવાની સંભાવના છે.

આ બેઠક દરમિયાન અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા માટે ૨ ઓગસ્ટની તારીખ નક્કી કરવામાં આવી શકે છે.

તેમણે માહિતી આપી હતી કે સોમવારે બીએસીની બેઠક યોજાવાની છે, જ્યારે વડાપ્રધાન ૧ ઓગસ્ટના રોજ પુણેની એક દિવસીય મુલાકાતે આવશે, તેથી અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા ૨ ઓગસ્ટથી શરૂ થવાની શક્યતા છે. નિયમો અનુસાર વડાપ્રધાને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવાનો હોય છે. વિપક્ષ આ જ હેતુથી આ પ્રસ્તાવ લાવ્યા છે, જેથી વડાપ્રધાનને સળગતા મુદ્દાઓ પર બોલવાની ફરજ પડી છે.

અવિશ્વાસ પ્રસ્તાવને લોકસભાના અધ્યક્ષે ૨૬ જુલાઈએ સ્વીકારી લીધો હતો. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ દ્વારા નિયમ ૧૯૩ હેઠળ લાવવામાં આવેલ પ્રસ્તાવમાં કહ્યું કે, તેમને કેન્દ્રીય મંત્રી પરિષદમાં કોઈ વિશ્વાસ નથી. એકવાર સ્પીકરે અવિશ્વાસ પ્રસ્તાવની પ્રાપ્તિની ઘોષણા કરી, તેમણે આ પગલાને સમર્થન આપતા સાંસદોની સંખ્યા જાણવા માંગી.

જ્યારે તેમણે સમર્થકોને ઊભા રહેવા કહ્યું ત્યારે કોંગ્રેસ, ડાબેરી, તૃણમૂલ કોંગ્રેસ, જેડી-યુ, નેશનલ કોન્ફરન્સ, એનસીપી, આપ, સમાજવાદી પાર્ટી અને શિવસેના-યુબીટીસાંસદો સહિત તમામ વિપક્ષી પાર્ટીઓના સભ્યો ઉભા થઈ ગયા.

### ભારતની અર્થવ્યવસ્થા પાંચ ટ્રીલીયન ભણી

# ભારતની માથાદીઠ આવક ૨૦૩૦ સુધીમાં ૪૦૦૦ ડોલર પર પહોંચશે

નવી દિલ્હી, તા.૩૧

ભારતની અર્થવ્યવસ્થા દિવસેને દિવસે પાંચ ટ્રીલીયન ઈકોનોમિક લક્ષ્યાંકને હાંસલ કરવા આગળ વધતી જાય છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચમાં મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.

તો આજ દિશામાં એક અભ્યાસ દ્વારા એવું પણ સામે આવ્યું છે કે ભારતની માથાદીઠ આવક ૭૦ ટકા થી વધીને એફવાય૨૦૩૦ સુધીમાં ૪,૦૦૦ ડોલર સુધી પહોંચી જશે, જે એફવાય૨૦૨૩માં માથાદીઠ આવક ૨,૪૫૦ ડોલર જોવા મળે છે.

તેના કારણે ભારતની જીડીપીને પણ મોટો ટેકો મળશે અને તે ૬ ટ્રિલિયન ડોલરની આસપાસ પહોંચી જશે. આ સમયગાળા દરમિયાન ભારતના અડધાથી વધુ જીડીપીસ્થાનિક વપરાશમાંથી આવશે.

છેલ્લા ૨૦ વર્ષમાં ભારતની માથાદીઠ આવકમાં હાલ ઝડપથી વધારો થયો છે. ૨૦૦૧માં તે ૪૬૦ ડોલર હતી, જે વધીને ૨૦૧૧માં ૧,૪૧૩ ડોલર અને ૨૦૨૧માં ૨,૧૫૦ ડોલર થઈ ગઈ હતી.

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકે રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે, આગામી વર્ષોમાં ભારતની નિકાસ ઝડપથી દેશની અર્થવ્યવસ્થાને વેગ મળશે. તે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૨ ટ્રિલિયનડોલરથી ૨૦૩૦ સુધીમાં ૨.૧ ટ્રિલિયનડોલર સુધી પહોંચવાનો અંદાજ છે.

જયારે ભારતની અર્થવ્યવસ્થાનું કદ ૩.૫ ટ્રિલિયન ડોલર હતું.

રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, આ સમયગાળા દરમિયાન ભારતમાં સ્થાનિક વપરાશ પણ ઝડપથી વધશે અને તે ૨૦૩૦ સુધીમાં ૩.૪ ટ્રિલિયન ડોલરસુધી પહોંચી જશે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨.૧ બિલિયનડોલર છે.

ગયા અઠવાડિયે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેઓ સુનિશ્ચિત કરશે કે તેમના આગામી કાર્યકાળ દરમિયાન અર્થતંત્ર ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બને, જે યુએસ અને ચીન પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવશે. હાલમાં જાપાન ત્રીજા અને જર્મની ચોથા ક્રમે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારત ઉચ્ચ મધ્યમ આવક ધરાવતા દેશ તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે. ૨૦૩૦ સુધીમાં, દેશના જીડીપીના ૨૦ ટકા તેલંગાણા, દિલ્હી, કર્ણાટક, હરિયાણા, ગુજરાત અને આંધ્રપ્રદેશમાંથી આવશે અને ૨૦૩૦ સુધીમાં આ રાજ્યોની માથાદીઠ આવક ૬૦૦૦ ડોલરની નજીક હશે.

યુપી અને બિહાર જ્યાં દેશની કુલ વસ્તીના ૨૫ ટકા લોકો રહે છે. ત્યાં ૨૦૩૦ પછી પણ માથાદીઠ આવક ૨૦૦૦ ડોલરની નીચે રહેશે.

### મોંઘા ટામેટાની ચોરીનો મોટો કિસ્સો

# કર્ણાટકથી જયપુર જતી ૨૦ લાખના ટામેટા ભરેલી ટ્રકની ચોરી

## ડ્રાઈવરનો સંપર્ક કરવામાં આવ્યો તો તેનો ફોન સ્વિચ ઓફ છે, ત્યારબાદ કોલાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

કોલાર, તા.૩૧

કર્ણાટકના કોલાર જિલ્લામાં ૨૦ લાખ રૂપિયાના ટામેટા ભરેલી ટ્રક ચોરી થવાની ઘટના સામે આવી છે. આ ટ્રક જયપુર જવા રવાના કરાઈ હતી. આ ટ્રક શનિવારે રાત્રે રાજસ્થાનના રાજધાની જયપુરમાં પહોંચવાની હતો, જોકે વચ્ચે જ ટ્રક ગાયબ થઈ જવાની ઘટના સામે આવી છે. જ્યારે ડ્રાઈવરનો સંપર્ક કરવામાં આવ્યો તો તેનો ફોન સ્વિચ ઓફ છે. ત્યારબાદ કોલાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બંને વેપારીઓએ ટામેટા જયપુર મોકલવા માટે ૨૭મી જુલાઈના રોજ ટ્રક બુક કરાવી હતી. પોલીસ સોર્સ મુજબ જીપીએસ ટ્રેકમાં ટ્રકે ૧૬૦૦ કિલોમીટરની સફર કરી હોવાની માહિતી મળી છે. જોકે ત્યારબાદ ટ્રકને ટ્રેસ કરવામાં મુશ્કેલી સર્જાઈ છે. ટ્રકમાં સવાર કોઈની પાસે મોબાઈલ ન હોવાથી, ટ્રક ક્યાં ગયો તેનું અનુમાન લગાવવું પણ મુશ્કેલ છે. હાલ ટ્રકની યોગ્ય લોકેશન જાણવું અશક્ય લાગી રહ્યું છે. વેપારીના જણાવ્યા અનુસાર, જો ટ્રકનો અકસ્માત થયો હોત તો, અત્યાર સુધીમાં માહિતી મળી જતી... બંને વેપારીઓને ટ્રક ડ્રાઈવર આશંકા છે અને ટ્રક ડ્રાઈવરે જ ચોરી કરી હોવાનો આરોપ લગાવ્યો છે. થોડા દિવસો પહેલા તમિલનાડુમાં પણ ૨.૫ ટન ટામેટા ભરેલા ટ્રકને લૂંટમાં આવ્યો હતો. આ ટ્રકમાં લગભગ ૨ લાખની કિંમતના ટામેટા હતા. બેંગલુરુ પાસે એક કપલે આ કારસ્તાન કર્યું હતું. વાસ્તવમાં લૂંટેરી ગેંગના એક કપલે અકસ્માતનું તરકટ રચ્યું... ત્યારબાદ ખેડૂતની ટામેટા ભરેલી જીપને રોકી તેની પાસેથી નાણાં વસુલવાનો પ્રયાસ કર્યો... જ્યારે ખેડૂતો નાણાં આપવાનો ઈક્કાર કર્યો તો કપલ આખે આખી જીપ લઈને ફરાર થઈ ગયું...

### લોકલ સવારીમાં ૮૦ પૈસાનો વધારો

# ST નિગમે ૧૦ વર્ષ બાદ એસટી બસના ભાડામાં વધારો કર્યો

## રાજ્યો દ્વારા પગાર, ડીઝલ તથા સ્પેરપાર્ટના ભાવ વધારાના ખર્ચ ને પહોંચી વળવા માટે ભાડામાં લગભગ દર વર્ષે વધારો કરવામાં આવે છે

અમદાવાદ, તા.૩૧

ગુજરાતને ઝટકો લાગે એવા સમાચાર આવ્યા છે. સરકારે ૧૦ વર્ષ બાદ ભાડામાં વધારો કરતાં મુસાફરોના ખિસ્સાં ખાલી થાય તેવી પૂરી સંભાવના છે. સરકાર બચાવ કરી રહી છે કે વર્ષ ૨૦૧૪ બાદ આજ દિન સુધી વિવિધ કારણોસર નિગમનું આર્થિક ભારણ ખુબ જ વધ્યું છે. જેને પગલે ગુજરાતમાં પણ બસની ટિકિટના ભાવમાં વધારો કરાયો છે. સરકારે નવા દરો પણ જાહેર કર્યા છે.

આગામી દિવસોમાં બસમાં મુસાફરી કરો તો વધારે ટિકિટના પૈસા ચૂકવવાની તૈયારી રાખજો. નિગમની લોકલ બસોમાં ૮૫ ટકા મુસાફરો એટલે રોજના ૧૦ લાખ લોકો ૪૮ કિલોમીટર સુધીની મુસાફરી કરે છે જેઓને રૂપિયા ૧થી ૬ રૂપિયા સુધીનો વધારો ચૂકવવો પડશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે પોતાનો બચાવ કરતાં જણાવ્યું છેકે, તેઓ મુસાફરોની સવલત માટે સતત પ્રયત્નશીલ અને ચિંતિત છે. ગુજરાત સરકાર દ્વારા નિગમને મહત્તમ આર્થિક સહાય કરી સ્વનિર્ભર બનાવવા પ્રયત્નો કર્યો છે. જેના ભાગરૂપે ભારતમાં પ્રથમ વખત B.S ૬ ના ૨૩૨૦ જેટલા નવીન વાહનો સવલતમાં મુક્વામાં આવ્યા છે. નિગમ દ્વારા ભારતમાં પ્રથમ વખત એરપોર્ટ જેવા બસ પોર્ટ આપવામાં આવ્યા છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ ,પાલનપુર, ભરુચ વગેરે જેવા અદ્યતન બસપોર્ટ કાર્યરત છે તથા નજીકના ભવિષ્યમાં વધુ બસ પોર્ટ મુસાફરોની સવલતમાં મુકવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

એસ.ટી નિગમ દ્વારા સને ૨૦૧૪ પછી ભાડામાં સુધારો કર્યો નથી. જ્યારે અન્ય રાજ્યો દ્વારા પગાર, ડીઝલ તથા સ્પેરપાર્ટના ભાવ વધારાના ખર્ચ ને પહોંચી વળવા માટે ભાડામાં લગભગ દર વર્ષે વધારો કરવામાં આવે છે. જ્યારે ગુજરાત એસ.ટી નિગમ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મુસાફર ભાડામાં કોઈ જ વધારો કરાયો નથી. જ્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ,આન્ધ્રપ્રદેશ જેવા અન્ય રાજ્યો દ્વારા દર વર્ષે ભાડામાં વધારો કરવામાં આવ્યો છે.

## મણિપુર વાયરલ વીડિયો મામલે સુપ્રીમ આકરા પાણીએ

# મણિપુર પોલીસને એફઆઈઆર નોંધવામાં ૧૪ દિવસ કેમ લાગ્યા

### દેશમાં મહિલાઓ સામે હિંસા રોકવા માટે મજબૂત મિકેનિઝમ બનાવવાનો સીજેઆઈ ડીવાય ચંદ્રચુડનો નિર્દેશ : સુપ્રીમ કોર્ટમાં આજે વધુ સુનાવણી

નવી દિલ્હી, તા.૩૧

મણિપુર વાયરલ વીડિયો કેસમાં સુપ્રીમ કોર્ટમાં આજે ફરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સીજેઆઈડીવાયચંદ્રચુડે આ મામલાની સુનાવણી કરતા કહ્યું કે આ વીડિયો સામે આવ્યા બાદ આ મામલો સામે આવ્યો છે, પરંતુ આ એકમાત્ર ઘટના નથી જ્યાં મહિલાઓ પર હુમલો થયો હોય કે ઉત્પીડન થયું હોય. અન્ય ઘટનાઓ પણ છે. હવે આ મામલે આવતીકાલે બપોરે ૨ વાગ્યે ફરી સુનાવણી થશે.

૩ મે થી અત્યાર સુધીમાં કેટલી એફઆઈઆરનોંધાઈ છે?

સીજેઆઈએ કહ્યું કે આપણે મહિલાઓ વિરુદ્ધ હિંસાના વ્યાપક મુદ્દાને જોવા માટે એક મિકેનિઝમ પણ બનાવવું પડશે. આ સિસ્ટમે સુનિશ્ચિત કરવું જોઈએ કે આવા તમામ કેસોની કાળજી લેવામાં આવે. તેમણે પૂછ્યું કે મણિપુરમાં હિંસા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં આવી કેટલી એફઆઈઆર નોંધાઈ છે.

૧૮મી મે સુધી પોલીસ શું કરતી હતી?

સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે જ્યારે ઘટના ૪ મેના રોજ બની હતી તો ૧૮ મેના રોજ એફઆઈઆર કેમ નોંધવામાં આવી? ૪ મેથી ૧૮ મે સુધી પોલીસ શું કરતી હતી? જ્યારે મહિલાઓને નગ્ન કરીને પરેડ કરવામાં આવી હતી અને ઓછામાં ઓછા બે પર બળાત્કાર થયો હોવાની વાત સામે આવી ત્યારે પોલીસ શું કરી રહી હતી?

મહિલાઓ સીબીઆઈ તપાસની વિરુદ્ધ છે

મણિપુરની બે પીડિત મહિલાઓ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે મહિલાઓ આ મામલાની સીબીઆઈ તપાસ અને કેસને આસામમાં ટ્રાન્સફર કરવાની વિરુદ્ધ છે. તેના પર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે અમે ક્યારેય ટ્રાયલને આસામમાં ટ્રાન્સફર કરવાની વિનંતી કરી નથી.

તુષાર મહેતાએ કહ્યું કે અમે કહ્યું છે કે આ મામલો મણિપુરની બહાર ટ્રાન્સફર કરવામાં આવે. અમે ક્યારેય આસામ કહ્યું નથી.

પોલીસ હિંસામાં સામેલ લોકોને મદદ કરી રહી હતી

કપિલ સિબ્બલે પીડિત બે મહિલાઓ માટે હાજર થતાં કહ્યું હતું કે તે સ્પષ્ટ છે કે પોલીસ બે મહિલાઓ સામે હિંસા આચરનારાઓને સહકાર આપી રહી છે. પોલીસે આ મહિલાઓને ભીડમાં લઈ જઈને છોડી દીધી અને ટોળાએ તે કર્યું જે તેઓ કરતા હતા, એમ સિબ્બલે કહ્યું, પીડિત મહિલાના પિતા અને ભાઈની હત્યા કરવામાં આવી હતી. અમારી પાસે હજુ પણ મૃતદેહો નથી. ૧૮મી મેના રોજ ઝીરો એફઆઈઆર નોંધવામાં આવી હતી. જ્યારે કોર્ટે સંજ્ઞાન લીધું ત્યારે કંઈક થયું. તો પછી આપણે કેવી રીતે વિશ્વાસ કરી શકીએ? આવી અનેક ઘટનાઓ હશે. એટલા માટે અમે એક એજન્સી ઈચ્છીએ છીએ જે મામલાની તપાસ કરવા માટે સ્વતંત્ર હોય. સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાનું કહેવું છે કે જો સુપ્રીમ કોર્ટ આ મામલાની દેખરેખ રાખે તો કેન્દ્રને કોઈ વાંધો નથી. તે જ સમયે વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે કેન્દ્રના સ્ટેટસ રિપોર્ટ અનુસાર ૫૯૫ એફઆઈઆરનોંધવામાં આવી છે. આમાંથી કેટલા જાતીય હિંસા સાથે સંબંધિત છે અને કેટલા અગ્નિદાહ, હત્યા સાથે સંબંધિત છે. આ અંગે કોઈ સ્પષ્ટતા નથી.

સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ કેળવવો જરૂરી છે

વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે જ્યાં સુધી કાયદાનો સવાલ છે, બળાત્કાર પીડિતાઓ તેના વિશે વાત કરતી નથી. તેઓ તેમના આઘાત સાથે બહાર આવતા નથી. પ્રથમ વસ્તુ આત્મવિશ્વાસ બનાવવાની છે. આજે અમને ખબર નથી કે સીબીઆઈ તપાસ શરૂ કરશે તો મહિલાઓ આગળ આવશે કે નહીં. તેમણે કહ્યું કે પોલીસને બદલે મહિલાઓ ઘટના અંગે મહિલાઓ સાથે વાત કરવામાં વધુ આરામદાયક રહેશે.

ઈન્દિરા જયસિંગે કહ્યું કે સિવિલ સોસાયટીની મહિલાઓની બનેલી ઉચ્ચ સત્તાવાળી સમિતિ હોવી જોઈએ જેમને બચી ગયેલા લોકો સાથે વ્યવહાર કરવાનો અનુભવ હોય. ઈન્દિરા કહે છે કે સૈયદા હમીદ, ઉમા ચક્રવર્તી, રોશની ગોસ્વામી વગેરેને હાઈ પાવર કમિટીમાં સામેલ કરી શકાય છે. તે બધા સમુદાયમાં આ મુદ્દા સાથે સંબંધિત છે. તેમને રિપોર્ટ બનાવીને આ કોર્ટમાં લાવવા દો.

કુકી તરફે હાજર રહેલા વકીલે સીબીઆઈ તપાસનો વિરોધ કર્યો હતો

મણિપુર હિંસા કેસમાં કુકી પક્ષ માટે હાજર રહેલા વરિષ્ઠ વકીલ કોલિન ગોન્સાલ્વેસે સીબીઆઈ તપાસનો વિરોધ કર્યો હતો અને નિવૃત્ત ડીજીપીનો સમાવેશ કરતી એસઆઈટી દ્વારા તપાસની માંગ કરી હતી. તેમણે સુપ્રીમ કોર્ટને મણિપુરના કોઈ અધિકારીને સામેલ ન કરવાની માંગ કરી છે.

કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે મહિલાઓ વિરુદ્ધ હિંસા કેન્દ્રીય હોવા છતાં તેમના ભાઈઓ અને પિતા વગેરેની હત્યા કરવામાં આવી છે. આ પાસું પણ ધ્યાનમાં લેવું જોઈએ.

એક વકીલે એક અરજીનો ઉલ્લેખ કરતા કહ્યું કે મણિપુરમાં જે બન્યું, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનમાં પણ આવી જ ઘટનાઓ બની. પશ્ચિમ બંગાળમાં પંચાયતના એક ઉમેદવારનો વીડિયો સામે આવ્યો છે જે નગ્ન પરેડ કરી રહ્યો હતો. સમગ્ર ભારતમાં દીકરીઓને સુરક્ષિત રાખવાની જરૂર છે.

આના પર સીજેઆઈએ વકીલને કહ્યું,બેશક, દેશભરમાં મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ થઈ રહ્યા છે, આ આપણી સામાજિક વાસ્તવિકતા છે. આપણે સાંપ્રદાયિક અને સાંપ્રદાયિક સંઘર્ષમાં મહિલાઓ સામે અભૂતપૂર્વ હિંસાનો સામનો કરી રહ્યા છીએ. મણિપુરમાં જે બન્યું તે અન્યત્ર થયું છે એમ કહીને આપણે યોગ્ય ઠેરવી શકીએ નહીં. શું તમે એમ કહો છો કે બધી સ્ત્રીઓનું રક્ષણ કરો કે કોઈનું રક્ષણ કરો?

'મણિપુરમાં કુકી મહિલાઓ પર લક્ષિત હુમલા' સરકારમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ કરતી વકીલ વૃંદા ગ્રોવર કહે છે કે ઈમ્ફાલમાં બે મહિલાઓ કાર ધોતી હતી અને એક ટોળાએ આવીને તેમને ટોર્ચર કરીને માર માર્યો હતો. પરિવારો કેમ્પમાં છે. માતાએ એફઆઈઆર નોંધાવી અને એફઆઈઆર દાખલ થયા પછી બધું બંધ થઈ ગયું. ૧૮ વર્ષની યુવતી પર પણ સામૂહિક બળાત્કાર થયો હતો. બંને સમુદાયો સામે જાતીય હિંસા થઈ શકે છે, પરંતુ હું જાણું છું કે લઘુમતી સમુદાયની કુકી મહિલાઓ પર લક્ષિત હુમલો કરવામાં આવે છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ગ્રોવરની અરજી સામે વાંધો ઉઠાવતા કહ્યું કે સમુદાયોનો આ રીતે ઉલ્લેખ ન કરવો જોઈએ. સાંપ્રદાયિક તણાવને પ્રોત્સાહન ન આપો. આના પર ગ્રોવરે સુપ્રીમ કોર્ટને રાહત શિબિરોની સ્થિતિ અંગે સ્વતંત્ર અને નિષ્પક્ષ રિપોર્ટ આવવા દેવા જણાવ્યું હતું.

સીજેઆઈડીવાયચંદ્રચુડે સરકારને પૂછ્યું કે પોલીસે શૂન્ય એફઆઈઆરનોંધવામાં ૧૪ દિવસ કેમ લીધા? આ અંગે સોલિસિટર જનરલ તુષાર મહેતાનું કહેવું છે કે સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી. આ કોર્ટ પરિસ્થિતિ પર નજર રાખી શકે છે. સીજેઆઈડીવાયચંદ્રચુડનું કહેવું છે કે આ કોઈ નિર્ભયા જેવી સ્થિતિ નથી જેમાં બળાત્કાર થયો હતો. તે અશુભ પણ હતો, પરંતુ એકલો હતો. અહીં અમે પ્રણાલીગત હિંસા સાથે કામ કરી રહ્યા છીએ, જેને આઈપીસીએક અલગ ગુનો તરીકે ઓળખે છે. તેથી વહીવટમાં વિશ્વાસની ભાવના પુનઃસ્થાપિત કરવા માટે, કોર્ટ એક ટીમની નિમણૂક કરશે. તેમાં રાજકારણ સાથે જોડાયેલા લોકો નહીં હોય.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું કે ભારત સરકાર મકાનોના પુનઃનિર્માણ માટે મણિપુરને શું પેકેજ આપી રહી છે.

સીજેઆઈનું કહેવું છે કે માત્ર સીબીઆઈ, એસઆઈટીને સોંપવું પૂરતું નથી. આપણે સુનિશ્ચિત કરવું પડશે કે ન્યાયની પ્રક્રિયા તેના ઘર સુધી પહોંચે. અમારો સમય પૂરો થઈ રહ્યો છે. ત્રણ મહિના વીતી ગયા.

સમિતિની રચના પર, સીજેઆઈએ કહ્યું છે કે સમિતિ બનાવવાના બે રસ્તા છે - અમે પોતે એક સમિતિ બનાવીએ છીએ - મહિલા અને પુરુષ ન્યાયાધીશો અને ડોમેન નિષ્ણાતોનો પક્ષ. તે માત્ર શું થયું તે શોધવાનો પ્રયાસ કરવા માટે નથી, પરંતુ આપણે જીવનને ફરીથી પાટા પર ચઢાવવાની પણ જરૂર છે. સીજેઆઈકહે છે કે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની હદ પણ સરકારે અત્યાર સુધી શું કર્યું છે તેના પર નિર્ભર રહેશે. સરકારે જે કર્યું તેનાથી અમે સંતુષ્ટ હોઈએ તો અમે દખલ પણ ન કરી શકીએ. મેઈતેઈ સમુદાયના વકીલનું કહેવું છે કે માત્ર એક જ વીડિયો વાયરલ થયો નથી, એવા ઘણા વીડિયો છે જેમાં લોકોને મરતા જોઈ શકાય છે.

સીજેઆઈ ચંદ્રચૂડે મેઈતેઈસમુદાય માટે હાજર રહેલા વકીલને ખાતરી આપવા કહ્યું કે અમે માત્ર કેસ પેપર્સ જ વાંચ્યા નથી. મેં વીડિયો પણ જોયો છે. તે વીડિયો રાષ્ટ્રીય આક્રોશનો વિષય હતો અને અમે આ બાબત પર કેમ ધ્યાન આપ્યું.

સુપ્રીમ કોર્ટે મણિપુર હિંસા સંબંધિત કેસની સુનાવણી આવતીકાલે બપોરે ૨ વાગ્યા સુધી ટાળી દીધી છે.

પીડિત મહિલાઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અત્રે ઉલ્લેખનીય છે કે, બંને પીડિત મહિલાઓએ કેન્દ્ર અને મણિપુર સરકાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં માંગ કરવામાં આવી છે કે સુપ્રીમ કોર્ટ સુઓમોટો સંજ્ઞાન લે અને મામલાની નિષ્પક્ષ તપાસનો આદેશ આપે. પીડિતોએ તેમની ઓળખને સુરક્ષિત રાખવાની પણ વિનંતી કરી છે.

## રાજ્યના ૨૦૭ ડેમમાં પાણીનો જથ્થો

# સૌરાષ્ટ્રના ૪૬ ડેમ, કચ્છના ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૮૩ ટકા વરસાદ નોંધાયો છે, ત્યારે રાજ્યના ૨૦૭ ડેમમાં કુલ ૬૯.૭૩ ટકા પાણીનો જથ્થો છે. ગુજરાતના કુલ ૨૦૭ પૈકી ૬૧ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ પૈકી ૪૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૮૫ ટકા પાણીનો જથ્થો છે.

જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૩ ડેમ સંપૂર્ણ ભરેલા છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૬૯.૫૪ ટકા જથ્થો છે. કચ્છના ૨૦ ડેમ પૈકી ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૬.૮૬ ટકા પાણીનો જથ્થો છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૬૯.૨૬ ટકા જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ પૈકી ૨ ડેમ સંપૂર્ણ ભરેલા છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૨ ટકા જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૭૨.૮૪ ટકા પાણીનો જથ્થો છે. તાપીના ઉકાઈમાં સતત પાણીની આવક થઈ રહી છે. ઉકાઈ ડેમમાં ૫૨,૨૪૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ઉકાઈ ડેમની સપાટી ૩૩૩.૨૧ ફુટે પહોંચી છે.

હાલ ઉકાઈ ડેમનું રૂલ લેવલ જાળવવા ૩ હાઈડ્રો મારફતે ૨૩,૪૦૦ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઈ રહ્યું છે. હાલનું ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૩૩ ફુટ છે, જ્યારે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફુટ છે. મહેસાણાના ધરોઈ ડેમનો બીજો ગેટ ખોલાયો છે. ડેમમાંથી નદીમાં ૯૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હાલ ડેમમાં ૯૨૮૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે હાલ ધરોડાઈ ડેમની સપાટી ૬૧૯ ફૂટ છે. ધરોઈ ડેમમાંથી સાબરતમી નદીમાં પાણી છોડાયું છે. જેના પગલે સાબરમતી કાંઠા વિસ્તારોને તંત્રએ એલર્ટ કર્યા છે. સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠાના તંત્રને જાણ કરાઈ છે. ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાના કલેક્ટરોને પણ જાણ કરવામાં આવી છે. હાલ ગુજરાત પર ચોમાસાની વરસાદ આપનારી કોઈ સિસ્ટમ સક્રિય નથી પરંતુ રાજ્યમાં વરસાદી માહોલ બનેલો છે, રાજ્યમાં છૂટો છવાયો વરસાદ નોંધાઈ રહ્યો છે. જેમાં અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરીને આજે પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આજે પણ અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ સાથે દરિયામાં પણ હલચલ રહેવાની શક્યતાઓ સાથે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે.

# સાવરકુંડલા તાલુકા યુવા ઉત્સવ ૬ ઓગસ્ટ, રવિવારે યોજાશે

સાવરકુંડલા, તા. ૩૧

રાજ્ય સરકાર આયોજિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, અમરેલી તથા સાવરકુંડલા તાલુકા યુવક મંડળ સંચાલિત સાવરકુંડલા તાલુકાનો યુવા ઉત્સવ આગામી તા. ૬/૮/૨૩ ને રવિવારે શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર, સાવરકુંડલા ખાતે યોજાશે. જેમાં તાલુકાની જુદી જુદી સંસ્થાઓનાં ૨૫૦ યુવક યુવતિઓ મહોત્સવની સાહિત્ય, સંગીત અને કલાની ૩૩ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લેશે. તે અંગેની મહોત્સવનાં કન્વીનર ધર્મશંકરભાઈ ભટ્ટ જણાવે છે.

## કાશ્મીર સરહદ પર ઘૂસણખોરીના પ્રયાસ જારી

# અરનિયામાં બીએસએફના ગોળીબારમાં આતંકી ઠાર

### બીએસએફના ઓપરેશન બાદ સેના દ્વારા સર્ચ ઓપરેશન

જમ્મુ, તા.૩૧

જમ્મુ કાશ્મીરમાં સરહદ પરથી ઘૂસણખોરીના પ્રયાસો ચાલુ છે ત્યારે મોડી રાત્રે બીએસએફના જવાન દ્વારા વધુ એક ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા એક ઘૂસણખોરને ઠાર કરીને ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સેના દ્વારા હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ઘણા સમયથી કેટલાક ઘૂસણખોરો ખોટી રીતે સરહદ પાર કરવાના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે ગઈકાલે આવો જ એક પ્રયાસ બીએસએફના જવાને નિષ્ફળ કર્યો હતો અને એક ઘૂસણખોરને ઠાર કર્યો હતો. આ ઘૂસણખોરો અંધારાનો લાભ લઈને સરહદ પાર કરવાની કોશીશ કરે છે.

ગઈકાલે અરનિયા સેક્ટરમાં રાત્રે ૧.૫૦ વાગ્યે સેનાના જવાન દ્વારા ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. હાલ આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. આ અગાઉ ૨૪ જુલાઈના રોજ બીએસએફએ ડ્રગ સ્મગલિંગના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સાંબાના રામગઢ વિસ્તારમાં એક શંકાસ્પદની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ૧૭ જુલાઈના રોજ પોલીસ સાથેના સંયુક્ત ઓપરેશનમાં ઘૂસણખોરી કરનારા બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ સિવાય સેનાએ માછિલ સેક્ટરમાં પણ ચાર આતંકીઓને ઠાર કર્યા હતા. તેમની પાસેથી ત્રણ પિસ્તોલ, ગ્રેનેડ, અનેક કારતુસ સહિત મોટી સંખ્યામાં હથિયારો પણ મળી આવ્યા હતા. આ આતંકવાદીઓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે પીઓકેમાંથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

## આગામી ૨જી ઓગસ્ટના રોજ આરોપીને સજાનું એલાન

# સચિનમાં બાળકી સાથે થયેલા દુષ્કર્મનો કેસ, આરોપી દોષિત જાહેર

### સચિન વિસ્તારમાં ૫ મહીના પહેલા બે વર્ષીય બાળકી પર દુષ્કર્મ આચરી તેની હત્યા કરી દેવામાં આવી હતી

સુરત, તા.૩૧

સુરતના સચિન સ્થિત કપલેઠા વિસ્તારમાં રહેતા એક પરિવારની બે વર્ષીય બાળકીને તેના પિતાનો મિત્ર આરોપી ઈસ્માઈલ ઉર્ફે યુસુફ સલીમ હજાદ બાળકીને રમાડવા આવ્યો હતો અને બાળકીને પોતાની સાથે લઈ ગયો હતો. બાળકી મોડે સુધી ઘરે પરત નહી આવતા પરિવારે બાળકીની શોધખોળ હાથ ધરી હતી અને બનાવની જાણ પોલીસને કરી હતી. બનાવની ગંભીરતા જોઈ પોલીસ તપાસમાં જોડાઈ હતી દરમ્યાન બાળકીની લાશ બંધ મકાનના કમ્પાઉન્ડમાંથી મળી આવી હતી.

આ ઘટનામાં આરોપી ભાગવામાં સફળ રહે તે પહેલા જ પોલીસે ઝડપી પાડયો હતો. આરોપીએ બાળકી પર દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાખી હતી. બે વર્ષની બાળકી સાથે નરાધમે પેટના ભાગે બચકા ભર્યા હતા. ત્યારે ૫ મહિનામાં જ આ કેસ સુરતની કોર્ટમાં ચાલી ગયો હતો. આરોપીને કોર્ટે દોષિત જાહેર કર્યો છે અને આગામી ૨જી ઓગસ્ટના રોજ આરોપીને સજાનું એલાન થશે.બનાવ અંગે સરકારી વકીલ નયનભાઈ સુખડવાલાએ જણાવ્યું હતું કે ૨૭ ફેબુઆરીના રોજ સચિનના કપલેઠા ગામે ૨ વર્ષીય બાળકી પર આરોપી ઈસ્માઈલ ઉર્ફે યુસુફ સલીમ હજાદએ દુષ્કર્મ આચર્યું હતું અને દુષ્કર્મ બાદ હત્યા કરી હતી. એટલું જ નહી બાળકીના પેટના ભગે બચકા ભરી ઈજા પણ પહોચાડવામાં આવી હતી. આ કૃત્ય બાદ આરોપી બાળકીની લાશને ફેકીને ભાગી ગયો હતો.

પોલીસે આ આરોપીને ૨૮ ફેબુઆરીના રોજ ઝડપી પાડ્યો હતો. આ કેસમાં ટુક સમયમાં જ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. આ બનાવના ૫ મહિનામાં જ આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરતના છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ સંકુલતા સોલંકીની કોર્ટમાં ચલાવવામાં આવી હતી.

આજે આરોપીને આઈપીસી કલમ ૩૦૨,૩૬૩, ૩૬૬, પોસ્કો એક્ટ ૩૭૬, એ,બી,૩૭૭ વગેરે કલમ હેઠળ દોષિત જાહેર કરાયો છે. આરોપીને દોષિત જાહેર થયા બાદ સજા અંગે આજે દલીલો કરવામાં આવી હતી. બાળકી પર જે ક્રુરતાથી દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી તે જોતા આરોપીને કડકમાં કડક સજા એટલે કે ફાંસીની સજા અને બાકીની કલમ હેઠળ પણ કડક સજાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત ભોગબનનારને વળતરની માંગ પણ કરવામાં આવી છે. આ અંગે વધુ ચુકાદો ૨જી ઓગસ્ટના રોજ આરોપીને સજાનું એલાન થશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## એસટી બસ સેવાની હાલતની નબળી સાબિત થઈ રહી છે

# ઉના એસટી બસ સ્ટેશનમાં બસમાં પંકચર પડી જતાં મુસાફરો પરેશાન

### અન્ય બસમાં બેસીને નિર્ધારિત સ્થળે જવું પડયું

ઉના, તા. ૩૧

ઉનાનાં એસટી બસ સ્ટેશનમાં વેરાવળ-મહુવા રૂટની એસટી બસમાં પંકચર પડી જતાં બસ ત્રણ કલાક મોડી ઉપાડતા મુસાફરોને અન્ય બસમાં બેસી મુસાફરી કરવાનો વારો આવ્યો હતો.

ઉનાનાં બસ સ્ટેશનમાં વેરાવળ ડેપોની જીજે ૧૮ ઝેડ ૩૦૮૭ નંબરની વેરાવળ-ઉના-મહુવા બસ ઉના બસસ્ટેશનમાંથી સવારે ૧૦:૪૦ વાગ્યે ઉપડતી હોય છે. ત્યારે આ બસ ઉના બસ સ્ટેશનમાં પ્રવેશતાની સાથે જ બસનાં આગળ નાં ટાયરમાં પંકચર પડતા બસ સ્ટેશનનાં પ્રવેશ દ્વાર પાસે જ ઊભી રાખી દેવામાં આવી હતી અને પંકચર થયેલ ટાયર બદલાવ્યાં બાદ સવારે ૧૦:૪૦ વાગ્યે ઉપડતી બસ બપોરના સમયે અંદાજિત બે વાગ્યાની આસપાસ ઉપાડતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.



# સા.કુંડલા : કૃષ્ણકુમારસિંહજી, મમતાબા, રામદેવસિંહ અને જયરાજસિંહનો લોક જાગૃતિ માટેનો સંદેશો




સાવરકુંડલા, તા. ૩૧,

આશ્રમશાળા સાથે ગાંધીજી, ઠક્કરબાપા, ડો. આંબેડકર જેવા મહાન વ્યકિતઓ જોડાયેલાં હતાં. જે શાળામાં વિનામૂલ્યે બાળકોને રહેવા, જમવાની અને પોશાકની સગવડ હોય તેવી શાળાઓને આશ્રમશાળા કહેવામાં આવે છે. આશ્રમશાળા અંતરીયાળ ગામોમાં રહેતા બાળકો માટે બનાવવામાં આવેલી હોય છે. ગુજરાત રાજયના ઘણાં ગામોમાં આશ્રમશાળાઓ આવેલી છે.પછાત વિસ્તાર, ડુંગર વિસ્તાર, શહેરથી દૂર ખુલ્લાં વિસ્તારોમાં, પર્યાવરણનાં સાંનિધ્યમાં સીધા-સાદા મકાનમાં આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આશ્રમ શાળામાં આદિવાસી ઉપરાંત સમાજનાં પછાત અને ગરીબ બાળકો શિક્ષણ મેળવે છે. તેમજ જેમ વેદકાળમાં શિષ્યો અભ્યાસ માટે આશ્રમમાં જતાં, ગુરૂ પાસેથી વેદોનાં જ્ઞાન ઉપરાંત રોજબરોજના કામ શીખતાં, આ જ રીતે ૨૧મી સદીમાં પણ બાળકો પુસ્તક ઉપરાંત બીજી જરૂરી કે વ્યવસાયિક બાબતો પણ આશ્રમશાળામાંથી શીખે એવા ઉદ્દેશ સાથે ગુજરાતમાં આશ્રમ શાળાઓ શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં સૌપ્રથમ આશ્રમશાળાની સ્થાપના ૧૯૨૨માં મીરાખેડી પંચમહાલ જિલ્લામાં થઈ. જેનું સંચાલન ઠક્કરબાપાએ સંભાળ્યું. જયારે મુંબઈમાંથી ગુજરાત જુદું પડયું ત્યારે ગુજરાતમાં ૪૧ આશ્રમશાળાની સ્થાપના થઈ હતી. કૃષ્ણકુમારસિંહજી, મમતાબા, જયરાજસિંહ અને રામદેવસિંહ લોકોને સંદેશો આપે છે. આશ્રમશાળાનાં બાળકો માટે બનતાં પ્રયત્નો કરીએ, જે તે સંસ્થાઓને અનુદાન સ્વરૂપે મદદ કરીએ. જેથી આ બાળકોને પૂરતી મદદ મળી રહે આપણી આજુબાજુ નજીકની ઘણી આશ્રમ શાળાઓ આવેલી છે. તેની કયારેક મુલાકાત લેવી અને બાળકોની મદદ કરવી.

## પાકિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટની વધતી ઘટનાઓ

# પાકિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટ મૃત્યુઆંક ૪૪ પર પહોંચ્યો

### ટીટીપીએ સરકાર સાથેનો તેનો યુદ્ધવિરામ પણ ખતમ કરી દીધો છે, જેના કારણે આવનારા સમયમાં વધુ ઘાતક હુમલાનું જોખમ વધી ગયું છે

ઈસ્લામાબાદ, તા.૩૧

પાકિસ્તાનમાંથી મોટા બોમ્બ બ્લાસ્ટના સમાચાર આવી રહ્યા છે. આ બ્લાસ્ટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાજૌરમાં થયો હતો. પોલીસે જણાવ્યું કે, રવિવારે ખાર, બાજૌરમાં જમીયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલના કાર્યકર્તા સંમેલનમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૪૪ લોકો માર્યા ગયા હતા. પોલીસે એ પણ માહિતી આપી કે ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે અને મોટી સંખ્યામાં ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોમ્બ બ્લાસ્ટની મળતી માહિતી મુજબ, વિસ્ફોટ કોન્ફરન્સની અંદર થયો હતો અને કાયદા અમલીકરણ એજન્સીઓએ વિસ્તારને કોર્ડન કરી લીધો છે.

બ્લાસ્ટ પછીના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહી છે. ઘાયલ અને મૃતકોની સંખ્યા પણ વધી શકે છે.

પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સામા ટીવી સાથે વાત કરતા, વરિષ્ઠ JUIF નેતા હાફિઝ હમદુલ્લાએ સરકારને અપીલ કરી કે ઘાયલો માટે તાત્કાલિક તબીબી પગલાં સુનિશ્ચિત કરે. JUIF નેતાએ કહ્યું, 'આ જેહાદ નથી.

આ સાવ આતંકવાદ છે. તેમણે કહ્યું કે, આ પહેલો વિસ્ફોટ નથી જેમાં JUI-Fના કાર્યકર્તાઓ પર હુમલો કરવામાં આવ્યો હોય. તેમણે બાજૌરમાં અગાઉ થયેલા વિસ્ફોટો અંગે સરકારી સંસ્થાઓના વલણ પર પણ સવાલો ઉઠાવ્યા હતા. હમદુલ્લાએ સરકારને વિસ્ફોટ પર ધ્યાન આપવા અને ઘટનાની ન્યાયિક તપાસ કરાવવાની અપીલ કરી છે. હાલમાં એ જાણી શકાયું નથી કે આ બ્લાસ્ટ પ્લાન્ટેડ બોમ્બથી થયો હતો કે પછી તે આત્મઘાતી બ્લાસ્ટ હતો. આ વર્ષે પાકિસ્તાનમાં ઘણા વિસ્ફોટ થયા છે, જેમાંથી મોટાભાગના આત્મઘાતી વિસ્ફોટ હતા. છેલ્લા કેટલાક વિસ્ફોટો શિયા મસ્જિદને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા. કાબુલમાં તાલિબાન શાસન બાદ જેવા આતંકવાદી સંગઠનો ફરી એકવાર પાકિસ્તાનમાં સક્રિય થયા છે.

આ જ કારણ છે કે પાકિસ્તાનમાં આતંકવાદી હુમલા અને વિસ્ફોટોમાં ઘણો વધારો થયો છે. ટીટીપીએ સરકાર સાથેનો તેનો યુદ્ધવિરામ પણ ખતમ કરી દીધો છે, જેના કારણે આવનારા સમયમાં વધુ ઘાતક હુમલાનું જોખમ વધી ગયું છે.

# બગસરા ખાતે વરિયાવંશ પ્રજાપતિ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા શ્રી વરિયાવંશ પ્રજાપતિ જ્ઞાતિ સમાજ દ્વારા શિક્ષણ સંગ સંસ્કારનાં નવા અભિગમ સાથે સરસ્વતી સન્માન સમારોહ કાર્યક્રમનાં જ્ઞાતિ ભામાશા રમેશભાઈ રાખસીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય કરી કરવામાં આવી હતી. બગસરાનાં આપાગીગા ગાદી મંદિરનાં કોઠારી હરીબાપૂની ઉપસ્થિતિમાં સરસ્વતી સન્માન સમારોહ અને શિક્ષણ સંગ સંસ્કાર કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો અને કાર્યક્રમનું સ્વાગત પ્રવચન વરિયાવંશ પ્રજાપતિ સમાજનાં ઉપપ્રમુખ હરેશભાઈ મોરધરાએ કરેલ. તેમજ શિક્ષણ સંગ સંસ્કાર વિશે બગસરાનાં રામાયણીક અને ઈતિહાસવિદ્‌ ચંદ્રહાસભાઈ બસીયા એ અત્યારના આધુનિક સમયમાં શિક્ષણ સાથે સંસ્કારનું બાળકોને ચિંતન કેમ કરાવરાવું માં–બાપની ફરજ અંગે પોતાની આગવીશૈલીમાં સરળ શબ્દોમાં રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સૌરાષ્ટ્ર નાગરિક શરફી મંડળીનાં ચેરમેન અનિલભાઈ વેકરીયા વરિયાવંશ પ્રજાપતિ સમાજનાં પૂર્વ પ્રમુખ ગિરધરભાઈ મારડીયા, સહયોગ શરાફી સહકારી મંડળીનાં ચેરમેન અશ્વિનભાઈ સોલંકી બગસરા, ડો. પરેશભાઈ નળીયાપરા, સુજલ હોસ્પિટલ બગસરા અરવિંદભાઈ પ્રજાપતિ, તંત્રી પ્રજાપતિ ગાથા જૂનાગઢ એચ. આર. મોરધરા, સી.ઈ. એસ.ટી. ભરૂચ, અશોકભાઈ સુરાણી રજીસ્ટાર, પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ બગસરા, વં. પ્ર. જ્ઞા. છાત્રાલય રાજકોટ પિયુષભાઈ ખેરાળા, પ્રમુખ અખિલ પ્રજાપતિ ગુજરાત સંઘ જૂનાગઢ, વિનયચંદ્ર મારડીયા ગોંડલ, કિશોરભાઈ મારડિયા પ્રમુખ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ સુરત, પ્રવીણભાઈ નળીયાપરા પ્રમુખ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ અમદાવાદ, પ્રવીણભાઈ સુરાણી પ્રમુખ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ સો. ગૃપ રાજકોટ, પ્રવીણભાઈ લાઠીયા પ્રમુખ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ જૂનાગઢ, રામજીભાઈ થોરિયા સહિત ટ્રસ્ટીઓ રાજકોટ પ્રજાપતિ છાત્રાલય હેમુભાઈ ચારોલિયા પ્રમુખ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ ધારી, મહેશભાઈ સરધારા પ્રમુખ વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ ચલાલા સહિતનાં જ્ઞાતિ આગેવાનો સંતો–મહંતોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી તેમજ વિદ્યાર્થીઓને સત્કાર્યા હતા તેમજ આ કાર્યક્રમનું સફળ સંચાલન કલ્પનાબેન મોરધરા અને જ્ઞાતિનાં મંત્રી સંજયભાઈ લાઠીયાએ કરેલ. તેમાં કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આભારવિધિ સંજયભાઈ લાઠીયાએ કરેલ અને બગસરા વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ સમાજના પ્રમુખ જીતેન્દ્રભાઈ જોટાણીયાએ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા તમામ જ્ઞાતિજનો અને કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનાં અંતે સૌ જ્ઞાતિજનો અને પધારેલ મહાનુભાવોએ સમૂહ ભોજન કરેલ.

પાના ૧ ઉપરનું ચાલું
## અજગરે શિયાળનો શિકાર કર્યો

જિલ્લાનાં જાફરાબાદ પંથકમાં અનેક ઉદ્યોગો આવેલા છે અને આ ઉદ્યોગોની સાથે સાથે આ વિસ્તારમાં સિંહ, દીપડાઓ પણ જોવા મળતા હોય છે.

ત્યારે જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં આવેલ દુધાળા ગામ નજીક આવેલ સીમમાં એક વિશાળકાય અજગરે એક વન્ય પ્રાણી શિયાળનો શિકાર કર્યો હતો. આ અજગરે કરેલા શિકારનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં સિંહ, દીપડાઓ બાદ હવે અજગર જેવા મહાકાય સરીસૃપ પણ જોવા મળ્યા હતા. આ બનાવથી આ પંથકમાં ભારે ચકચાર જોવા મળી છે.


**CHANGE OF NAME**

I Formerly known as **Mitalben Gandubhai Patoliya**, married to **Kunal Kamleshbhai Ribadia** and want to declare that now i will be known as **Mital Kunal Ribadia** and for proof i have two identity cards (Aadhar card and PAN card)


## અવસાન નોંધ

**ચલાલા :** ચલાલા નિવાસી સ્વ. કિશોરકુમાર બાળકદાસ દેવમુરારી (ઉ.વ.પરા) તે બાળકદાસ રણછોડદાસનાં નાના દિકરા તથા નરેન્દ્રકુમાર બાળકદાસ દેવમુરારી (ધારી શિક્ષક) ના નાનાભાઈ તથા રાજેશ્રીબેન નરેન્દ્રભાઈ દેવમુરારીના દરે તથા વત્સલ નરેન્દ્રભાઈ દેવમુરારીનાં કાકા તથા વિલાસબેન (ઢસા) અને રેખાબેન (સણોસરી) ના ભાઈનું તા.૨૯/૭/૨૦૨૩ ને શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**ચિતલ :** ચિતલ નિવાસી સૌરાષ્ટ્ર વ્યાજ ખેડાવળ બ્રાહ્મણ (હાલ મુંબઈ) તે જવાહરલાલ શાંતિલાલ દવે (ઉ.વ.૭૪) તે જયશ્રીબેન પતિ ત્થા સુભાષભાઈ (ચિતલ) તથા મીરાબેન પ્રભાશંકર જોષી (અમરેલી) તેમજ નન્દાબેન મહેન્દ્રભાઈ મહેતા (લાઠી)ના મોટાભાઈ તેમજ ફાલ્ગુની (ભકુ) નરહરિ દવે (કરીયાણા) હેતલબેન હાર્દિકભાઈ દવે (સુરત) માધવીબેન હાર્દિકભાઈ દવે (અમરેલી) તથા રાજેશભાઈ (મુંબઈ) ના પિતાનું દુઃખદ અવસાન તા.૨૮/૭ ને શુક્રવારે મુંબઈ ખાતે અવસાન થતા તેમનું બેસણું તા.૩/૮ ગુરૂવારે સાંજનાં ૪ થી ૬ ચિતલ મુકામે પટેલ સમાજવાડી ખાતે ચિતલ રાખેલ છે.

**ચિત્તલ :** દશનામ ગોસાઈ અમરેલી નિવાસી હાલ સાવરકુંડલા ડોકટર ઉમેશગીરી સમજુગીરી ગોસાઈ (ઉ.વ. ૭૪) તે નિરંજનગીરી(અમરેલી), જયસુખગીરી(રાજકોટ), સ્વ. ડો. રમેશગીરી(સાવરકુંડલા)નાં ભાઈ તેમજ આરતીબેન કીરણગીરી(વાંકાનેર) તથા શ્વેતાબેન હેતલગીરી(અમેરિકા) તથા ડો. સાંજન(પાલીતાણા)નાં પિતાશ્રીનું તા. ૩૦/૭/૨૦૨૩ને રવિવારે દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩/૮/૨૩ ગુરૂવારે અમરેલી ખાતે જેસીંગપરા ઓમકારવાડી બપોરે ૩ થી ૬ રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૨ | ચણા | ૮૯૦ | ૮૯૦ |
| ૩ | તલ સફેદ | ૩૪૫૧ | ૩૪૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૫૫૦ | ૧૬૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૫૬૨ | ૧૮૦૩ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૦૫ | ૨૦૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૫૩૪ |
| ૬ | તલ કાળા | ૧૮૫૦ | ૩૩૦૬ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૧૫૫ |
| ૮ | બાજરો | ૪૨૦ | ૪૩૯ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૪૫ | ૫૩૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૨ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૬૪૬ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૦૧ |
| ૧૩ | તુવેર | ૫૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | કપાસ | ૯૪૫ | ૧૪૬૪ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૭૦૫ |
| ૧૭ | ધાણી | ૧૩૪૨ | ૧૫૦૦ |
| ૧૮ | સોયાબીન | ૯૦૧ | ૯૪૯ |
| ૧૯ | સુવાદાણા | ૩૪૦૦ | ૩૪૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## ''અમરેલી માંગે બ્રોડગેજ''

યુવાનોએ બિન રાજકીય રીતે એક કેમ્પેઈન 'અમરેલી માંગે બ્રોડગેજ' ના નેજા હેઠળ સોશ્યલ મીડિયામાં શરૂ કર્યુ છે. જે અનુસંધાને આ ગ્રુપના સક્રિય અને બ્રોડગેજ લાવવા માટે ખૂબ જ ખંતથી તન, મન, ધનથી સહકાર આપે એવા ૨૫ જેટલા આગેવાનો અમરેલી રેલ્વે સ્ટેશન પાસે ગતરોજ સાંજે ૪:૦૦ વાગ્યા આસપાસ ભેગા થયા હતા અને અમરેલીમાં કેવી રીતે બ્રોડગેજ લાવવી, કયાં કયાં રજૂઆત કરવી વગેરે મુદ્દે ચર્ચાઓ કરી અને એક ટીમ બનાવીને આ અભિયાનનું નામ 'મિશન બ્રોડગેજ અમરેલી' નક્કી કરાયું હતું. તેમજ આ બાબતે અમરેલી જિલ્લા કલેકટર, સાંસદ, જનરલ મેનેજર પશ્ચિમ રેલવે, કેન્દ્રીય રેલવે મંત્રી, પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ, પ્રાઈમ મિનિસ્ટર કે ભારતના રાષ્ટ્રપતિ જયાં સુધી રજૂઆત કરવી પડે ત્યાં તમામ જગ્યાએ રજૂઆત કરવા અમરેલીની તમામ જનતા તેમજ સર્વે લોકોએ બિન રાજકીય રીતે સાથે રહેવાનું નક્કી કર્યુ હતું અને ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધવાનું નક્કી કર્યું હતું.

આ મિટિંગમાં અમરેલીની જનતા વતી આગેવાનો વિપુલભાઈ ભટ્ટી, વિશાલભાઈ મહેતા, ભાર્ગવભાઈ મહેતા, યોગેશભાઈ કોટેચા, આશાબેન દવે, તેજસભાઈ ઢોણે, મનીષભાઈ સાંગાણી, તુલસીભાઈ મકવાણા, ગૌતમભાઈ વ્યાસ, ચેતનભાઈ માલકીયા, આશિષભાઈ રતનધાયરા, હરેશભાઈ સાદરાણી, હસમુખભાઈ વાંઝા, અલ્પેશભાઈ કાબરીયા, સૈયદભાઈ મોહમ્મદભાઈ, કરણભાઈ વાંઝા, રાજેશભાઈ ગાંધી, હિતેશભાઈ જોશી, પિયુષભાઈ થડેર, અનિલભાઈ ચાવડા, પ્રકાશભાઈ પારેખ, હાર્દિકભાઈ જોશી, કાર્તિકભાઈ ચંદવાનિયા, હસમુખભાઈ વાજા તેમજ પત્રકાર મિત્રો જાવેદખાન પઠાણ અને જયસુખભાઈ સોજીત્રા પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા અને કોઈપણ સંજોગોમાં અમરેલીમાં બ્રોડગેજ લાવીને જ રહીશું ત્યાં સુધી શાંતિથી બેસીશું નહીં એવું નક્કી કરાયું હતું. તેમજ આગળ ની કાર્યવાહીમાં જિલ્લા કલેકટરને રજૂઆત કરવા જવાનું નક્કી થયેલ છે અને આ મિશન બ્રોડગેજ અમરેલી અભિયાનમાં જોડાવા માટે અમરેલીની ઘણી બધી સંસ્થાઓ તૈયાર છે અને આ અભિયાનની સાથે જ છે એવું આ ટીમને જાહેર કરેલ છે જે પણ અમે આગામી સમયમાં મીડિયાના માધ્યમ દ્વારા જાહેર કરીશું...જય હિન્દ.

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી.**

અપીલ રજી.નં. ૯૩/૨૦૨૩

અરજદાર : શ્રી લખીરામ ખોડીદાસ ગોંડલીયા
રે. કેરીયાચાડ, તા.જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– વ –
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. કેરીયાચાડ, તા.જિ. અમરેલી.

:: **જાહેર નોટિસ** ::

આથી લાગતા વળતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામના રહીશ શ્રી લખીરામ ખોડીદાસ ગોંડલીયાએ તેઓના પુત્ર દેવીદાસ લખીરામ ગોંડલીયાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૦/૦૭/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૨ | ૧૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૩૧ |
| ૩ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૫૧ |
| ૪ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૫૮૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૩૨૦૦ |
| ૬ | કપાસ | ૧૨૭૫ | ૧૪૪૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૪ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૪૧ |
| ૧૦ | જુવાર | ૭૫૦ | – |
| ૧૧ | મગ | ૧૫૭૦ | – |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૯૭૯ |
| ૧૩ | તુવેર | ૧૭૭૦ | – |
| ૧૪ | એરંડી | ૧૧૬૦ | ૧૨૧૨ |
| ૧૫ | ધાણા | ૧૨૦૧ | – |
| ૧૬ | સોયાબીન | ૯૦૦ | ૯૬૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી તાલુકાનાં આરોગ્ય અધિકારીનાં

ઉનાં રોજથી અમરેલી તાલુકાનાં આરોગ્ય કર્મીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને આરોગ્ય સેવાઓ ખોરવાશે તો તેની જવાબદારી તંત્રની રહેશે તેમ પણ જણાવ્યું હતું.

કર્મચારીનાં પ્રમુખ મનસુખભાઈ માધડે જણાવ્યું હતું કે, કોરોના કાળ સહિતની કપરી ફરજ બજાવી હોય છતાં અમરેલીનાં હેલ્થ અધિકારી સિંહ નીચેના કર્મચારીઓને માનસિક ત્રાસ આપે છે. તો કર્મીઓનેઆવા માનસિક ત્રાસ સામે રક્ષણ આપવા રજૂઆત કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાનાં નીલવડા માર્ગ પર

છેલ્લા પાંચ વર્ષથી આ યુવાન અહીં મંદિરે માતાજીનાં મંદિરે સાફ સફાઈ સહિતની સેવાઓ કરવા માટે આવે છે.

આજે પણ મંદિરની સાફ સફાઈ કરી મેલડી માં મંદિર પાછળ આવેલ જુના તળાવમાં ન્હાવા પડેલ અને ડૂબી જવાથી મૃત્યુ થયેલ.

સ્થાનિક તરવૈયા હોમગાર્ડનાં જવાનો ગઢવીભાઈ, જાહીંગર ભાઈ, સાગરભાઈની મદદથી બે કલાકની જહેમત બાદ મૃત હાલતમાં બહાર કાઢ વામાં આવ્યો. ઘટનાની જાણ થતાં પી.એસ.આઈ. અને મામલતદાર સહિત ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

ડેડબોડીને પી.એમ. માટે અહીં સરકારી દવાખાને લાવવામાં આવી હતી. ઘટનાની વધુ જાણ થતાં મેલડીમાં મંદિરનાં સ્થાનિક સેવકો સરકારી દવાખાને દોડી આવ્યાં હતાં અને આગળ વધુ તપાસ પોલીસ દ્વારા હાથ ધરી છે.

## મિલ્કત ખરીદી અંગેની જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ કુલદિપ વિ. ભટ્ટ, તે અમારા અસીલઓશ્રી (૧) વસંતબેન ભીખાલાલ પોપટ રે. મોટી ખાવડી (૨) રેખાબેન ભીખાલાલ પોપટ રે. અમદાવાદ વાળાની સુચના અને ફરમાઈસ અનુસાર આથી સર્વેને આ જાહેર નોટીસથી તાકીદ કરૂ છું કે,

**અમારા અસીલશ્રીઓ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે– લુણકી ગામની ખેતીની જમીનના ખાતા નં– ૫૬૫ રે.સ.નં. ૨૩૧ પૈકી ૩ હે. ૧–૨૭–૪૮ ચો.મી. વાળી જમીન કે જે જમીન સાહીદ સતારભાઈ સૈયદ રે. બાબરા વાળા નામે રેવન્યુ રેકર્ડ પર નોંધાયેલ છે. આ ખેતીની જમીન અમારા અસીલશ્રીઓ તેમની પાસે થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે.**

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ, વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને અમો ઉપરોકત મિલ્કત અંગે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશું. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૦૧/૦૮/૨૦૨૩

બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૪૭૧ | ૧૫૬૫ |
| ૨ | તલ સફેદ | ૧૩૪૦૦ | ૩૫૦૦ |
| ૩ | કપાસ | ૧૧૫૦ | ૧૪૩૫ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૪૫૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૮ | ૪૯૧ |
| ૬ | જુવાર | ૭૭૯ | ૧૦૦૭ |
| ૭ | ચણા છોલે | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૮ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | સોયાબીન | ૯૧૧ | ૯૨૫ |

## જે કચેરીમાં ફરજ બજાવી ત્યાં જ આંદોલન કર્યુ

# અમરેલીની બીએસએનએલની કચેરીમાં નિવૃત્ત કર્મચારીઓએ ધરણા યોજયા

### પેન્શન સહિતનાં પેન્ડિંગ પ્રશ્નોનાં નિરાકરણની માંગ

અમરેલી, તા. ૩૧

અમરેલી ખાતે આવેલ બીએસએનએલ કચેરીમાં આજે નિગમનાં નિવૃત્ત કર્મીઓ ધ્વારા પોતાના પેન્શન સહિતના પડતર પ્રશ્નોનાં નિરાકરણ માટે થઈ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કર્મીઓ ધ્વારા પેન્શન સુધારણા અંગે ૨૦૧૭ની માંગણી પડતર હોય અને સરકાર ધ્વારા કોઈ ઉકેલ ન આવતો હોય. ત્યારે અગાઉથી જાહેર કરાયેલ કાર્યક્રમ મુજબ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરી સુત્રોચ્ચાર કર્યા હતા.



આ ધરણા કાર્યક્રમમમાં બીએસએનએલનાં નિવૃત્ત કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ડિસ્ટ્રીકટ સેક્રેટરી આશા દવેએ જણાવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનો

૧–૧ જગ્યા સીઆરસી–બીઆરસી પ્રતિનિયુકતી રદ કરવામાં આવેલ જે જગ્યા ભરાઈ હતી.

ત્યારબાદ બન્ને વિભાગોમાં તા. ૨૮/૭/૨૩ તથા ૩૧/૭/૨૩ એમ બે તબકકામાં જગ્યા ભરવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૦ (તમામ) જગ્યાઓ ભરાઈ હતી.

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ, શાસનાધિકારી આશિષભાઈ જોષી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાંથી રાજેશભાઈ મહેતા, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી સુનીલભાઈ ગોયાણી, અમરેલી નગર પ્રાથમિક શિક્ષક સંઘમાંથી અમરીશભાઈ વિંછીયા, અમરેલી નગર શૈક્ષણિક સંઘમાંથી અશ્વિનભાઈ ચાવડા, પે.સે. આચાર્ય દિનેશભાઈ વ્યાસ, કચેરીના સ્ટાફ તૈલીભાઈ તથા સંદીપ વામજા, રજની સોલંકી, વિજય મયાત્રા, ધર્મેશ મકાણી, ભાવેશ વાળોદરાએ જિલ્લાફેર બદલી કેમ્પના સફળ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું
## દેવળીયા ગામે ખાલી થયેલ

શિક્ષકોની અન્ય પ્રાથમિક શાળાઓમાં બદલીનાં ઓર્ડરી થઈ ગયેલ છે. દેવળીયા પ્રાથમિક શાળામાં કુલ શિક્ષકો આચાર્ય ચાર–બહેનો અને પાંચ ભાઈઓ એમ કુલ ૯ શિક્ષકો ફરજ બજાવી રહયા હતા. તથા સ્કુલનાં બાળકોની સંખ્યા લગભગ ૨૩૦ ની આસપાસ છે. જે બદલી પામેલ છે. તે શિક્ષક પાસે ધોરણ–૮ છે. તેની સંખ્યા ૨૭ છે ના વર્ગ શિક્ષક સામાજીક વિષયનાં શિક્ષક હોય ધોરણ–૬ અને ૭ અને ૮ ના કુલ ૧૦૦ વિદ્યાર્થી બાળકોનાં અભ્યાસ ખરાબ થશે તેમજ અન્ય શિક્ષક છે.જેઓ ધોરણ–૩ અને ૪ અને ૫ માં પર્યાવરણ તેમજ અંગ્રેજી વિષય ભણાવે છે. તેમજ તેઓ ધોરણ ૫ નાં વર્ગ શિક્ષક પણ છે. આ ધોરણની સંખ્યા લગભગ ૩૫ છે. જો આ શિક્ષકની બદલી થાય તો ધોરણ–૩,૪,૫ નાં કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓ છે. આમ બંને શિક્ષકોની બદલીનાં ઓર્ડરો થયેલ છે. પ્રાથમિક શાળાનાં કુલ ૧૮૦ બાળકો અભ્યાસ બગડશે. તેમજ લાંબા ગાળે બાળકોને નુકશાન થશે તે પ્રથમ દ્રષ્ટિએ જોઈ શકાય તેમ છે. આવી અવ્યવસ્થા ઉભી ન થાય તે માટે શિક્ષકોની બદલી થતા પહેલા અન્ય શિક્ષકોની વ્યવસ્થા દેવળીયા પ્રાથમિક શાળામાં કાયમી કે હંગામી અને સંતોષકાર રીતે કરવામાં આવે જો આ બાળકોનાં અભ્યાસનાં હિતમાં દિન–૭ માં વ્યવસ્થા નહી કરવામાં આવે તો ભુતકાળની જેમ ગામનાં લોકોએ સ્કુલને તાળાબંધી કરવાની ફરજ પડશે.તેમ અંતમાં જણાવેલ છે.


**સંકુલ B.Sc. & M.Sc. કોલેજ પ્રવેશ ચાલુ**

★ Major માઈક્રોબાયોલોજી – Minor બાયોટેકનોલોજી – Inter બાયોકેમેસ્ટ્રી
★ Major બાયોટેકનોલોજી – Minor માઈક્રોબાયોલોજી – Inter બાયોકેમેસ્ટ્રી
★ Major કેમેસ્ટ્રી – Minor માઈક્રોબાયોલોજી – Inter બાયોટેકનોલોજી
★ M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેકનોલોજી – M.Sc. બાયોકેમેસ્ટ્રી – M.Sc. કેમેસ્ટ્રી & PG - DMLT કોલેજ પ્રવેશ ચાલુ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થા.– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોનઃ[illegible] Ad 054


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૧૩૩૫ | ૧૪૦૧ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| ૪ | ચણા | ૯૦૫ | ૯૦૫ |
| ૫ | ધાણા | ૧૨૫૦ | ૧૪૧૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૭૫૦ | ૨૨૫૦ |
| ૭ | સોયાબીન | ૮૮૧ | ૮૮૧ |
| ૮ | એરંડા | ૧૨૬૫ | ૧૨૬૫ |

### કલાગુરૂ રવિશંકર રાવળનાં જન્મોત્સવ નિમિત્તે

# અમરેલીનાં કલાકારો અમદાવાદ ખાતે યોજાનારા પ્રદર્શનમાં ભાગ લેશે

### આર્ટ સોસાયટી અને લલિતકલા અકાદમીનું આયોજન



અમરેલી, તા. ૩૧

અમદાવાદ ખાતે કલાગુરૂ રવિશંકર રાવળના ૧૩૨માં જન્મોત્સવ નિમિતે ૧ ઓગસ્ટના રોજ ગુજરાત આર્ટ સોસાયટી તેમજ ગુજરાત રાજય લલિતકલા અકાદમીના સંયુકત ઉપક્રમે યોજાનાર પ્રદર્શનમાં અમરેલી જિલ્લાનાં કલાકારો ભાગ લેશે. ગુજરાતના કલાગુરૂ તરીકે સમગ્ર રાષ્ટ્ર જેમને આદરપૂર્વક નમન કરે છે એવા કલાગુરૂ શ્રી રવિશંકર રાવળ નાં ૧૩૨માં જન્મોત્સવ નિમિત્તે આવતી ૧ ઓગસ્ટનાં રોજ ગુજરાત આર્ટ સોસાયટી તેમજ ગુજરાત રાજય લલિતકલા અકાદમીનાં સંયુકત ઉપક્રમે ગુજરાતનાં ૧૭૦થી વધારે જેટલા સમકાલીન કલાકારો દ્વારા કલાગુરૂની સ્મૃતિમાં એક ભવ્ય પ્રદર્શનનું આયોજન અમદાવાદની રવિશંકર રાવળ આર્ટ ગેલેરીમાં યોજાશે. જેનું ઉદ્‌ઘાટન જાણીતા કલા સંરક્ષકો પ્રિયા અધ્યારૂ–મહેતા અને મનન રેલીયાનાં કરકમલ દ્વારા કરવામાં આવશે. આ પ્રદર્શન તા ૧ થી ૬ ઓગસ્ટ ૨૦૨૩ સુધી સાંજના ૪ થી ૮ કલાક દરમિયાન કલાકાર, કલા રસિક તેમજ આમ જનતા માટે ખુલ્લું રહેશે.

પ્રદર્શનની પૂર્વ તૈયારીઓ પૂરજોશમાં થઈ રહી છે. સોસાયટીનાં હોદ્‌દારો, અધ્યક્ષ વૃંદાવન સોલંકી અમદાવાદ, પ્રમુખ ગગજી મોણપરા જામનગર, સેક્રેટરી ઉમેશ કયાડા રાજકોટ, તેમજ ખજાનચી અને સંવાહક કૃષ્ણ પડિયા પ્રદર્શનને સફળ બનાવવા કાર્યરત છે. આ પ્રદર્શનનું સંચાલન અમદાવાદનાં ચિત્રકાર મિલન દેસાઈ, બંસી ખત્રી તેમજ ચિત્રકાર જીતુ ઓધાણી, કા. આચાર્ય, શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ દ્વારા થઈ રહ્યું છે. ગુજરાત આર્ટ સોસાયટી દ્વારા તેમના પ્રથમ વાર્ષિક સમકાલીન કલા પ્રદર્શનમાં ખૂબ જ સફળ તા સાથે પરિપૂર્ણ થયેલ અને તેમાં વરિષ્ઠ કલાકારોથી લઈને યુવા તેમજ વિદ્યાર્થી કલાકારોનો પણ સમાવેશ કરવામાં આવેલ. તેવી જ રીતે આ વર્ષે પણ પસંદગી પામેલા કલાકારોનો સમાવેશ કરતાં અમરેલી જિલ્લાનાં કલાકારોમાં ગુજરાત ગૌરવ પુરસ્કૃત ખ્યાતનામ શિલ્પકાર કૃષ્ણ પડિયા, ખ્યાતનામ ચિત્રકાર અતુલ પડિયા તેમજ જે. પી. પડાયા પોતાની ઉત્તમ કલાકૃતિઓ રજુ કરશે.

ગુજરાત આર્ટ સોસાયટીનાં આ પ્રદર્શનનો હેતુ ગુજરાતનાં છેવાડાનાં સમકાલીન કલાકારોને પ્રોત્સાહન આપવા તેમજ કલાનું સંવર્ધન કરવાનો હોય, કોઈ વાડાબંધીમાં ન રહી પોતાની મૌલિક કલાને માત્ર ગુજરાતમાં સિમીત ન રાખતા ગુજરાત બહાર પણ ગુજરાતી તરીકે ગુજરાતની કલાનું ગૌરવ વધારવા ગુજરાત આર્ટ સોસાયટીમાં માત્ર ગુજરાતી કલાકારનો જ સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત આર્ટ સોસાયટીમાં કલાકારોની એક મોટી ટીમ જીલ્લા, રાજય, દેશ તેમજ આંતરાષ્ટ્રીય સ્તરે ગુજરાતી કલાકારો દ્વારા જ કામ કરી રહી છે. જેમાં કલાકારો પોતાના નામ કે વ્યકિતગત પ્રસિદ્ધીની અપેક્ષા રાખ્યા વગર કામ કરી રહ્યા છે. આ સંસ્થાનાં સભ્યપદની પસંદગીની પ્રક્રિયા નિયુકત માનદ સભ્યો દ્વારા હાથ ધરવામાં આવે છે. આ સોસાયટીની સ્થાપના ૧ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ કરવામાં આવી હતી. જેનું ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એક વર્ષ પૂરૂં થતાં જ "કોન્ટેમ્પરરી આર્ટ ફાઉન્ડેશન" ના નામથી કરવામાં આવ્યું છે.

શ્રી રવિશંકર રાવળે અનેક ચિત્રકારોને કામ કરતા કરી ગુજરાતની છબીને ગરિમાભર્યું સ્થાન અપાવ્યું. તેઓ એક ચિત્રકાર ઉપરાંત સાક્ષર, કલા વિવેચક, પત્રકાર અને નિબંધકાર હતા. તેમણે 'વીસમી સદી' સામયિકમાં કામ કર્યું હતું અને સાહિત્યિક સામયિક 'કુમાર' ની સ્થાપના કરી હતી. આ 'કુમાર' જેમને ત્યાં આવતું તેઓ પોતાની જાતને ગૌરવ અનુભવતા. આવા કલાગુરૂનાં જન્મોત્સવ નિમિતે ૧૭૦ થી વધારે કલાકારો આ કલાયજ્ઞમાં પોતાની કલાકૃતિ આપી અમદાવાદનાં આંગણે જયારે આ પવિત્ર દિવસે એક ઈતિહાસ રચાતો હશે. ત્યારે આપ સૌની હાજરી અનિવાર્ય હોય અમારું દરેક કલાકાર, કલા રસિક તેમજ આમ જનતાને હાર્દિક આમંત્રણ છે.





### મળમાસ કથા : મેના વ્રત

શૌનકાદિ તથા અન્ય ઋષિઓ બોલ્યા : 'હે મહા ભાગ્યશાળી સૂત ! નરના મિત્ર નારાયણે નારદને જે શભુ વચન કહયું હોય તે કહો.'

સૂત બોલ્યા : 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! નારાયણનું વચન તમે સાંભળો. નારદ આગળ તમેણે જે વચન કહયું હતુ તે જેવું મેં સાંભળ્યુ છે તે પ્રમાણે કહું છું.'


શ્રી નારાયણે કહયું : 'હે દેવર્ષિ નારદ ! ભકતોના દુઃખને હરનારા મહાત્મા શ્રીકૃષ્ણે રાજા યુધિષ્ઠિરને પૂર્વે જે કથા કહી હતી તે જ હું કહું છું. દુર્યોધને પાંડવોને દગાથી જુગારમાં હરાવી, અગ્નિથી ઉત્પન્ન થયેલી ધર્મપરાયણ સતી દ્રોપદીને સભાની સમક્ષ ઘસડી લાવીને દુષ્ટ દુઃશાસને વાળ પકડી ખેચં હતી તથા તેના વસ્ત્રો ઉતારવા માંડયા હતા તે વેળા શ્રીકૃષ્ણે દ્રૌપદીને ચીર પૂરી રક્ષણ કર્યુ હતુ. પછીથી શરત પ્રમાણે રાજયનો ત્યાગ કરી પાંડવો કામ્યક વનમાં ગયા હતા.

ત્યાં સર્વ પાંડવો ઘણું જ દુઃખ પામ્યા હતા. એ દુઃખી પાંડવોને મળવા માટે ભગવાન દેવકીપુત્ર શ્રીકૃષ્ણ મુનિઓ સહિત કામ્યક વનમાં ગયા હતા. નકુલ તથા સહદેવે શ્રીકૃષ્ણના ચરણકમળમાં ભકિતથી નમસ્કાર કર્યા. દુઃખથી પીડિત દ્રોપદીએ પણ સ્વસ્થ બની **(ક્રમશઃ)**



**સંપાદક : મહેન્દ્ર જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

## જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડો, કુટકી, કુત્તુ- સ્વાસ્થય વર્ધક મિલેટ



મીલેટ એટલે જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડો, કુટકી, કુત્તુ. એ નાના–બીજવાળા ઘાસનો અત્યંત વૈવિધ્યસભર સમૂહ છે, જે સમગ્ર વિશ્વમાં ધાન્ય પાકો અને પશુચારા માટે ઉપયોગમાં આવે છે.

એશિયા અને આફ્રિકા (ખાસ કરીને દક્ષિણ ભારત, માલી, નાઈજીરીયામાં) જેવા અર્ધ–ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં બાજરી મહત્વનો પાક છે. આ પાક તેની ઉત્પાદકતા અને શુષ્ક, ઉચ્ચ–તાપમાનની સ્થિતિમાં અનુકૂળ છે. મીલેટનાં ઘણા પ્રકાર છે. મીલેટનાં સમૂહને બાજરી તરીકે પણ ઓળખાય છે.

ઘઉં અને ચોખા સૌથી વધુ લોકપ્રિય અનાજમાં હોઈ શકે છે, પરંતુ બાજરી આજે ઉપલબ્ધ અનાજમાં સૌથી આરોગ્યપ્રદ છે. બાજરી એ કુદરતી રીતે ધાન્યનાં લોટમાં રહેલ નત્રિલ દ્રવ્યથી મુકત છે અને મોટાભાગની વાનગીઓમાં ચોખા અને ઘઉંનો ઉત્તમ વિકલ્પ છે. મોટાભાગનાં પ્રદેશોમાં બાજરી તેમના સ્થાનિક નામોથી ઓળખાય છે. સૌથી વધુ લોકપ્રિય ભારતીય બાજરી પર્લ બાજરી છે જેને હિન્દીમાં બાજરા કહે છે. ભારત દેશમાં તો આઝાદી પહેલાનાં સમયમાં બાજરી જ ભોજન તરીકે લેવાતી હતી. એવું માનવામાં આવે છે કે ભારતીય મોસમને બાજરી જ અનુકુળ ખોરાક છે. જેનું પાચન દરેક ઋતુમાં સરળતાથી થઈ જાય છે. એક માન્યતા અનુસાર ઘઉં તો ભારતમાં અંગ્રેજો લાવ્યા હતા એવું કહેવાય છે. મીલેટ પ્રમાણમાં સસ્તું પણ છે.

મીલેટનાં અસંખ્ય સ્વાસ્થ્ય લાભો છે તે બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, ઓબેસિટી, હાઈપર ટેન્શનનાં સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. હૃદય સંબંધી રોગોમાં ફાયદાકારક છે. પેટ અને લીવરની બીમારીઓથી લડવા માટે પણ ઉપયોગી છે. મીલેટનાં ઉચ્ચ પોષક તત્વોને કારણે તેને 'પોષક–અનાજ' ગણવામાં આવે છે. તેઓ વિટામિન્સ અને ખનિજોથી સમૃદ્ધ છે. જેમાં આયર્ન અને કેલ્શિયમનો સમાવેશ થાય છે. આખા અનાજ તરીકે મીલેટ વિવિધ પ્રમાણમાં ફાઈબર પ્રદાન કરે છે. જે આંતરડાનાં કાર્ય નિયંત્રિત કરે છે.


ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં મિલેટનાં મહત્વ વિષે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, યુનાઈટેડ નેશન્સએ ૨૦૨૩નાં વર્ષને 'ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટસ' તરીકે જાહેર કર્યું છે. ભારત વિશ્વમાં મીલેટનું સૌથી વધુ ઉત્પાદક દેશ છે. મિલેટની લણણી બાદ વધેલા ભૂસાને પશુઓ માટે ઘાસચારા તરીકે ઉપયોગમાં લેવાય છે.

**મિત્તલ ખેતાણી**
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### સર્વોદય સરસ્વતિ મંદિર સંચાલિત

# ખાંભાની તાંતણિયાની જનતા વિદ્યાલયમાં રમત-ગમત દિવસની ઉજવણી

### કરૂણા કલબ દ્વારા ઉત્સાહભેર ઉજવણી



ખાંભા, તા. ૩૧

ખાંભા તાલુકામાં સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર સંચાલિત જનતા વિદ્યાલય, તાતણિયામાં સંસ્થાના ૭૫ વર્ષ પૂર્ણ થયા હોય ઉજવાઈ રહેલ અમૃત મહોત્સવના અનુસંધાને તારીખ : ૨૨/૦૭/૨૦૨૩ના રોજ શાળાના 'પૂજય બા દાદા એન.એસ.એસ. યુનિટ' અને કરૂણા કલબ દ્વારા રમત–ગમત દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અનુસંધાને શાળાના તમામ વિદ્યાર્થીઓને આગલા દિવસે કોઈપણ ઈન્ડોર ગેમ લાવવાનું કહેવામાં આવ્યું હતું. આવી ઉજવણી કરવા પાછળનો હેતુ એ હતો કે બાળકો ઘરે જઈને મોબાઈલ અડવાના બદલે વળી પાછી આપણી જૂની દેશી રમતોને ઓળખતા અને રમતા થાય.

અત્રે જણાવતા ખૂબ આનંદ થાય કે બાળકો અવનવા પ્રકારની કેટલીયે રમતો જેવી કે નવો વેપાર, સાપસીડી, લ્યુડો, ચેસ, કેરમ, એકડી–બગડી, ફિલમ–ફિલમ, પત્તા, જોઈન્ટ પીસ, રૂબીઝ કયુબ, અઠિયો, ચાર કુકરી જેવી અવનવી બોર્ડ ગેમ્સ લાવ્યા અને એક કલાક ખૂબ આનંદ સાથે રમ્યા. બાળકો રમ્યા એટલું જ નહીં બધા શિક્ષકો પણ એમની સાથે જોડાયા અને ઈન્ડોર ગેમ્સનો નિર્દોષ આનંદ સર્વોએ સાથે મળીને માણયો.

આજકાલ જે બાળકોનું બાળપણ ખોવાતું જાય છે અને રમતગમતના આનંદથી તે દૂર થતા જાય છે, તેને વળી પાછું એ વાતાવરણ મળે એના માટેનો એક વિનમ્ર પ્રયાસ હતો. જે સફળ રહ્યો અને એ સાથે બાળકોને એ સંદેશ પણ આપવામાં આવ્યો. અઠવાડિયામાં એકાદ–બે વખત આપણી દેશી રમતો રમો, જેથી કરીને એમના માનસનો વિકાસ થાય. આમ, આ રમત ગમત દિવસ ખૂબ સફળ રહ્યો. તેના માટે સમગ્ર સ્ટાફે ખૂબ જહેમત લીધેલી. આ દિવસ ઉજવવા બદલ ટ્રસ્ટ પરિવારે શાળાને અંતરના અભિનંદન આપ્યાં હતાં.


### ૨ યુવકો ઉપર ૪ યુવકોનો હુમલો

# ઉના : ગાગડા ગામની હોટેલમાં ટેબલ પર પગ ચડાવવા બાબતે બઘડાટી બોલી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

ઉના, તા. ૩૧

ઉનાના ગાંગડા ગામે આવેલ હોટલમાં ટેબલ પર પગ ચડાવી બેસેલ યુવકને પગ નીચે રાખી બેસવાનું કહેતા ચાર ઈસમોએ એકદમ ઉશ્કેરાઈ જઈ અપ શબ્દો બોલી બે યુવકોને ઢીકા પાટુ વડે માર મારતા ઉના પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ઉનાના ગાંગડા ગામે રહેતા અને તુલસી નામની હોટેલ ચલાવતા હમીરભાઈ લખમણભાઈ ગોહિલ પોતાની હોટેલ પર હોય ત્યારે રાત્રિના સમયે યુવરાજ ઉર્ફે ખપાળી ભાવુભાઈ ગોહિલ, ભાવિક અરજણભાઈ ઝાલા, પ્રતાપ જીતુભાઈ ગોહિલ તથા જાલમ ધીરૂભાઈ જાદવ રહે. તમામ સનખડા તા. ઉનાવાળાઓ



તુલસી હોટલ પર ચા–નાસ્તો કરવા માટે આવેલ હોય. ત્યારે યુવરાજ ગોહિલ નામનો વ્યકિત હોટેલના ટેબલ પર બંને પગ ચડાવી બેસેલ હોય. ત્યારે હોટેલ માલિક હમીરભાઈ ગોહિલે હોટલના સ્ટાફને કહી ટેબલ પરથી પગ નીચે લઈ લેવા યુવરાજસિંહને કહેતા યુવરાજસિંહ કહેવા લાગેલ કે પગ તો અહીંયા જ રહેશે થાય તે કરી લ્યો. જેથી હોટેલ માલિક હમીરભાઈ સમજાવવા જતા એકદમ ઉશ્કેરાઈ જઈ અપ શબ્દ બોલી ઢીકા પાટુનો માર મારતા હોટલ માલિકના કૌટુંબીક ભાઈ લખમણભાઈ જીવાભાઈ જાદવ રહે. સામતેરવાળાઓ વધુ મારમાંથી હોટેલ માલિકને બચાવવા જતા લખમણભાઈને પણ આડેધડ ઢીકાપાટુનો માર મારી નાકના ભાગે મુક્કો મારતા ફેકચર કરી નાખતા લોહી લુહાણ હાલતમાં૧૦૮ ની મદદથી ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે ઉનાની ખાનગી હોસ્પિટલે ખસેડાતા પોલીસે ચાર આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

### તાલુકા પંચાયતનાં દંડકે ગ્રાન્ટ ફાળવી

# વડિયાની મોંઘીબા કન્યાશાળામાં 3 લાખનાં ખર્ચે સ્માર્ટ ટીવી કલાસ બોર્ડ લગાવાશે

### શિક્ષકો ડિજિટલ માધ્યમથી શિક્ષણ આપી શકશે



વડિયા, તા. ૩૧

શ્રી મોંઘીબા કન્યા શાળા વડિયામાં તાલુકા પંચાયત દંડક રાધિકાબેન ગણાત્રાની ગ્રાન્ટમાંથી બે સ્માર્ટ કલાસ ફાળવવામાં આવેલ. જેનું અનાવરણ જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, જીલ્લા યુવા ભાજપ કારોબારી સભ્ય તુષારભાઈ વેગડ, સરપંચ મનીષભાઈ, તાલુકા પંચાયત સદસ્ય તુષારભાઈના હસ્તે કરવામાં આવ્યું. આ સ્માર્ટ કલાસના ઉપયોગથી શાળાના શિક્ષકો આ ડિજિટલ માધ્યમ દ્વારા બાળકોને આધુનિક શિક્ષણ આપી શકશે અને ભવિષ્યમાં તેનો લાભ વડિયા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારના બાળકોને ખૂબ જ સરસ રીતે થશે. આ સંદર્ભે શાળાનાં સ્ટાફે અને આચાર્ય શોભનાબેન, શિક્ષક વિશાલભાઈ જોષી, ધર્મેન્દ્રભાઈ ચુડાસમા, દયાબેન આખજાએ સરપંચ, તાલુકા પંચાયત દંડક રાધિકાબેન અને સદસ્ય, જિલ્લા પંચાયત સદસ્યનો ખૂબ ખૂબ આભાર માનેલ.

# બગસરામાં મુસ્લિમ સમાજ દ્વારા કોમી એકતા સાથે મોહરમ પર્વની ઉજવણી



બગસરામાં મોહરમ પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બગસરામાં બહોળી સંખ્યામાં મુસ્લિમ સમાજ બિરાદરો બહોળી સંખ્યામાં જોડાયા હતા તેમજ હિન્દુ સમાજનાં લોકો પણ આ તહેવારમાં શ્રીફળ વધેરીને પોતાની માનતા પૂરી કરે છે. આ ઉપરાંત બગસરામાં જિલ્લામાં તો ખરી જ પરંતુ સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી પણ લોકો તાજીયા જોવા માટે બહોળી સંખ્યામાં જોવા મળે છે તેમજ બગસરાનાં અદ્‌ભુત અને કલાત્મક તાજીયા જોવા માટે લોકોના ટોળા એકઠાં થાય છે. જે બગસરાનાં વિજય ચોકમાં ચોકારો લેવામાં આવે છે ત્યાં બગસરાનાં સમગ્ર વિસ્તારનાં તાજીયાઓ સાથે જોડાય છે. ત્યારબાદ તે તાજીયા સમગ્ર બગસરાની મેઈન બજારમાં ફરે છે અને લોકો તેના દર્શન કરી ધન્યતા અનુભવે છે. રાત્રે ૧૨:૦૦ વાગે પડમા આવે છે અને બીજા દિવસે ટાઢા થાય છે. આમ ૨૪ કલાકમાં ઈમામ હુસેનની યાદમાં લોકો માતમ મનાવી મોહરમ પર્વનો તહેવાર મનાવે છે. તેના માટે બગસરા સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે કે ત્યાં તાજીયા જોવા માટે લોકો બહોળી સંખ્યામાં જોવા મળે છે. બગસરાના વિજય ચોકમાં હુસેની ન્યાજ કમિટી દ્વારા સતત દસ દિવસ સુધી લોકોને શરબત તથા ઠંડુ પાણી પીવડાવવામાં આવે છે. આ મોહરમ પર્વમાં ઠેર ઠેર લોકો આઈસ્ક્રીમ ચા નાસ્તો વગેરે અલગ અલગ ખાણીપીણી લોકોને ખવડાવીને ખુશ થાય છે.

